dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue-77 | AD - 2024, Magashirsha Vad - 05 | Friday, Dt.20-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00



ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
GreenWoods
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir


# આંબેડકર મુદ્દે સંસદ બહાર ધક્કામુક્કી : બે સાંસદ ઘાયલ

નવીદિલ્હી,તા.૧૯

સંસદના બંને ગૃહોમાં આજે હંગામો થયો હતો બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના મુદ્દે કોંગ્રેસ અને ભાજપ બંનેએ સંસદ ભવન પરિસરમાં પ્રદર્શન કર્યું હતું. દરમિયાન મકર દ્વાર ખાતે બંને પક્ષના સાંસદો વચ્ચે ઘર્ષણ થયું હતું અને ભાજપના સાંસદ પ્રતાપ સારંગીને માથામાં ઈજા થઈ હતી. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીજેપી સાંસદ પ્રતાપ ચંદ્ર સારંગીએ રાહુલ ગાંધી પર તેમના પર દબાણ કરવાનો આરોપ લગાવ્યો છે. તેણે કહ્યું કે ધક્કો માર્યા બાદ હું નીચે પડી ગયો હતો. જેના કારણે ઈજા થઈ હતી. સારંગીએ કહ્યું કે હું સીડી પાસે ઉભો હતો ત્યારે રાહુલ ગાંધીએ આવીને એક સાંસદને ધક્કો માર્યો હતો, જે બાદ તે મારા પર પડ્યા હતા. સારંગીનો જે વીડિયો સામે આવ્યો છે તેમાં તેના માથા પર ઈજાના નિશાન જોઈ શકાય છે અને તેના માથામાંથી લોહી નીકળતું જોઈ શકાય છે. ભાજપે આ મામલે રાહુલ ગાંધી વિરુદ્ધ એફઆઈઆર પણ દાખલ કરાવી છે. તેમના પર લાગેલા આરોપો પર લોકસભામાં




વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે હું ગૃહમાં જઈ રહ્યો હતો ત્યારે ભાજપના સાંસદ અમને રોકતા હતા. તેમણે કહ્યું કે ગૃહમાં જવું મારો અધિકાર છે પરંતુ ભાજપના સાંસદ અમને અંદર જતા રોકી રહ્યા હતા. તેઓ મને ધમકાવતા હતા, તેથી આ બન્યું. આ સંસદનું પ્રવેશદ્વાર છે અને અમને અંદર જવાનો અધિકાર છે. રાહુલ ગાંધીએ કહ્યું કે મુખ્ય મુદ્દો એ છે કે ભાજપના લોકો બંધારણ પર હુમલો કરી રહ્યા છે. આંબેડકરનું અપમાન કરે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે તેમને પણ ધક્કો મારવામાં આવ્યો છે. પણ તેનાથી કોઈ ફરક પડતો નથી. આ બધું થતું રહે છે. વાસ્તવમાં, બાબાસાહેબ ભીમરાવ આંબેડકર વિરુદ્ધ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદનને લઈને કોંગ્રેસે સંસદ ભવન પરિસર સુધી કૂચ કરી હતી. તેના જવાબમાં ભાજપે કોંગ્રેસ પર જૂઠાણાની રાજનીતિનો આરોપ લગાવીને પ્રદર્શન કર્યું. આ દરમિયાન સંસદ ભવનના મકર ગેટ પર બંને પક્ષના સાંસદો સામસામે આવી ગયા હતા. બંને વચ્ચે ધક્કામુક્કી પણ થઈ હતી. આ દરમિયાન કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી, અર્જુન રામ મેઘવાલ, પીયૂષ ગોયલ અને અન્ય બીજેપી નેતાઓ પાર્ટીના સાંસદ પ્રતાપ સારંગીને જોવા માટે આરએમએલ હોસ્પિટલ પહોંચ્યા હતાં. ગુરુવારે સવારે સંસદમાં થયેલી ધક્કામુક્કીની ઘટનાને લઈને કોંગ્રેસ અને ભાજપ બંનેએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. કોંગ્રેસ હેડક્વાર્ટર ખાતે રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, અમે શાંતિપૂર્ણ વિરોધ કરવા આવ્યા હતા, પરંતુ ભાજપે મસલ પાવર બતાવ્યો. અદાણી જેવા મહત્વના મુદ્દા પરથી ધ્યાન હટાવવાની આ તેમની રીત છે. તે જ સમયે, કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહે બીજેપી હેડક્વાર્ટરમાં પ્રેસ કોન્ફરન્સ કરી અને કહ્યું કે, જો ખડગે-રાહુલ માફી માંગવા માંગતા ન હતા તો તેઓએ પ્રેસ કોન્ફરન્સ કેમ કરી? તેમનો ઘમંડ દેખાય છે. આજે સંસદમાં જે બન્યું તેની કલ્પના પણ કરી શકાતી નથી. કોંગ્રેસે ગુંડાઓ અને કુસ્તીબાજોને સંસદમાં મોકલ્યા છે. હકીકતમાં, બીજેપી સાંસદ પ્રતાપ સારંગીએ સવારે આરોપ લગાવ્યો હતો કે રાહુલે તેમને ધક્કો માર્યો હતો, જેના કારણે તેમને માથામાં ઈજા થઈ હતી. પાર્ટીના અન્ય સાંસદ મુકેશ રાજપૂતે પણ રાહુલ પર આવો જ આરોપ લગાવ્યો હતો. જો કે રાહુલે આ અંગે કહ્યું કે બીજેપી સાંસદોએ તેમને સંસદમાં જતા રોક્યા, ધમકાવ્યા અને ધક્કો માર્યો. ગુરુવારે સવારે સંસદમાં આંબેડકર પર શાહના નિવેદન સામે વિરોધ કરી થઈ રહ્યો હતો. આ દરમિયાન ભાજપ અને વિપક્ષના સાંસદો સામસામે આવી ગયા હતા. અહેવાલો અનુસાર, આ ઘટના પછી જ ધક્કામુક્કી શરૂ થઈ ગઈ હતી.

### રાહુલ ગાંધી વિરુધ્ધ ૭ કલમ હેઠળ એફ.આઈ.આર.

(૧) કલમ ૩(૫) - સામૂહિક અપરાધ
(૨) કલમ ૧૦૯ અ - હત્યાનો પ્રયાસ
(૩) કલમ ૧૧૫ - નુકસાન પહોંચાડવાના ઈરાદાથી કામ કરવું
(૪) કલમ ૧૧૭ - ઈરાદાપૂર્વક ગંભીર ઈજા પહોંચાડવી
(૫) કલમ ૧૨૫ - ઈરાદાપૂર્વક વ્યક્તિગત સુરક્ષાને જોખમમાં મૂકવી
(૬) કલમ ૧૩૧ - ધક્કો મારવો અને ડરાવવું-ધમકાવવું
(૭) કલમ ૩૫૧ - ધમકી આપવી

# જમ્મુ-કાશ્મીરના કુલગામમાં સુરક્ષાદળોના હાથે પાંચ આતંકીઓ ઠાર : બે જવાન ઘાયલ

શ્રીનગર,તા.૧૯



જમ્મુ-કાશ્મીરના કુલગામમાં આતંકીઓ વિરુદ્ધ મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સુરક્ષા દળોએ એન્કાઉન્ટરમાં ૫ આતંકીઓને ઠાર કર્યા છે. આ અથડામણમાં બે જવાન ઘાયલ થયા છે. શંકાસ્પદ આતંકવાદીઓની હાજરીની બાતમી મળતાં જ સુરક્ષા દળોએ ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન આતંકવાદીઓએ સુરક્ષાદળો પર ગોળીબાર શરૂ કરી દીધો, ત્યારબાદ સુરક્ષાદળોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. એક અધિકારીએ કહ્યું, "પાંચ આતંકવાદીઓના મૃતદેહ બગીચામાં પડ્યા હતા. આ એન્કાઉન્ટર દક્ષિણ કાશ્મીરના કુલગામના કાદર બિહીબાગ વિસ્તારમાં થયું હતું. ચોક્કસ બાતમીના આધારે સેના અને પોલીસે મંગળવારે નિયંત્રણ રેખા નજીક તંગધારના અમરોહી વિસ્તારમાં સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. "સર્ચ ઓપરેશન દરમિયાન, ચાર પિસ્તોલ, છ મેગેઝિન, લગભગ ચાર કિલોગ્રામ માદક દ્રવ્ય અને અન્ય શસ્ત્રો મળી આવ્યા હતા," આર્મીના શ્રીનગર સ્થિત ચિનાર કોર્પ્સે 'એકસ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તે કાશ્મીરને આતંક મુક્ત જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે.


અમરેલીમાં
પ્રથમ અને એકમાત્ર
Perfect POWER Solutions Since 2013
એડવાન્સ ઈલેક્ટ્રીકલ પેનલ મેન્યુફેક્ચરિંગ યુનિટ
• ડિઝાઈન • ફેબ્રિકેશન • પાવડર કોટીંગ • એસેમ્બલીંગ • ટેસ્ટીંગ
સંપૂર્ણ પ્રોડક્શન લાઈન
પરફેક્ટ પાવર સોલ્યુશન્સ
શેડ નં.૨, પ્લોટ નં. ૪૩, ક્રિષ્ટી સીડસની પાછળ, GIDC અમરેલી
મો.9638191927 - 9979080710
The Perfection you can always trust

શિયાળામાં સૌથી વધુ થતી બીમારીઓ
નવજીવન જનરલ હોસ્પિટલ
સાંધાનો દુખાવો
સીઝનલ ફ્લૂ
બ્રેઈન સ્ટ્રોક (પેરાલિસિ)
અસ્થમા
હૃદયરોગ (હાર્ટ એટેક)
શરદી ઉદરસ
કોઈપણ પ્રકારની જટિલ બીમારી હોય કે, સાધારણ શરદી ઉદરસ તમારા સ્વાસ્થ્યની સંભાળ માટે આજે જ અમારા નિષ્ણાંતની સલાહ લ્યો.
એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક 99782 73000
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
Ph. (02792) 222223 Mo.9978223000

Sheetal
થાબડી - ખજૂર યુક્ત
ગરમ દૂધ
શીતલ ગાર્ડન પાર્લર
અટલ પાર્ક, કોલેજ સર્કલ, અમરેલી.
સાંજે 7:00 થી 11:30

ખેતી દેશ ની તાકાત
નિઃશુલ્ક પ્રવેશ
AGRIWORLD EXPO 2024
3RD EDITION
૨૦ ૨૧ ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ | શાસ્ત્રી મેદાન, રાજકોટ
શુક્રવાર | શનિવાર | રવિવાર
ખેડૂતો અને ડીલર ડિસ્ટ્રીબ્યુટર માટે સૌથી મોટામાં મોટું
B2B અને B2C કૃષિપ્રદર્શન
પાક સુરક્ષા અને પોષણ | ઓર્ગેનિક પ્રોડક્ટ | ડેરી ટેકનોલોજી | પશુપાલન ઉત્પાદનો | પુનઃપ્રાપ્ય ઊર્જા
દર કલાકે આકર્ષક ગિફ્ટ
મહા બમ્પર લકી ડ્રો
Organized By
EYE EVENTS AND ADVERTISING
SPARK MEDIA
Sponsored By: SILVER NIDHI SEEDS SERVO SBI
Supported By:
૯૮૯૮૧ ७७૭૫૯, ૯૯૨૫૨ ૪૮૮૩૦ | www.agriworldexpo.in

ગ્રાહકોને સંપૂર્ણ વિશ્વાસ સાથે AN ISO 9001:2015 & ISO 22000: 2018 CERTIFIED COMPANY
શુદ્ધ અને પ્યોર શીંગતેલ G-20 નું ખાત્રીબંધ આપશું.
શુદ્ધતા સાથે કોઈ સમાધાન નહી
માણસની તંદુરસ્તી સાથે
કોઈ રમત નહીં તો રાહ શેની જુઓ છો
તો પધારો આજેજ અમારી ફેકટરી પર
સમ્રાટ અશોક
ડબલ ફીલ્ટર્ડ G-20 નું શુદ્ધ શીંગતેલ
અને હા વળી, G-20 નું શુદ્ધ શીંગતેલ આપનો વિશ્વાસ અમારી બ્રાન્ડ બારેમાસ ભરવા લાયક ડબલ ફિલ્ટર કરેલુ.
ગ્રાહકોને સંતોષ એજ અમારૂ લક્ષ્ય
No રીફાઈન્ડ
No ભેળસેળ
No કોલેસ્ટ્રોલ
No કેમીકલ
MFG. & MARKETING BY:
ક્રિષ્ટી સીડ્સ ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૫,૬,૩૪,૩૫, જી.આઈ.ડી.સી., રેલવે સ્ટેશન સામે, હનુમાનપરા, અમરેલી મો. ૯૪૨૬૯ ૬૩૬૩૩

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૨૦-૧૨-૨૦૨૪

### અમરેલી, કુંકાવાવ, વડીયા વિસ્તારમાં

# કૌશિક વેકરીયાનાં હસ્તે રૂા.૨ કરોડ ૪૦ લાખનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

**રોડ રસ્તા અને સિંચાઈના કામો શરૂ કરાયા**

અમરેલી, તા.૧૯

અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ગતરોજ અમરેલી, કુંકાવાવ તાલુકાના સાજીયાવદર, કોલડા અને સનાળીમાં આશરે રૂ.૨.૩૭ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સનાળીમાં રૂ.૧.૧૫ કરોડના ખર્ચે ૭૧ મીટર લંબાઈ ૧.૭૦ મીટર ઉંચાઈનો ચેકડેમ બનશે. કુંકાવાવ તાલુકાના કોલડા ગામે રૂ. ૮૪ લાખના ખર્ચે પ્રાથમિક શાળા તથા બ્લોક રોડ, એગ્રિકલ્ચર શેડ સહિતના કામનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરી પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, રોડ રસ્તા, સિંચાઈ અને ખેતીને લગતા વિકાસકાર્યોની વેકરીયાએ ભેટ આપી છે. અમરેલી તાલુકાના સાજીયાવદર ગામે રૂ.૩૮ લાખના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા અનુસૂચિત જાતિ વિસ્તારમાં રૂ.૩ લાખના ખર્ચે C.C રોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કુંકાવાવ તાલુકાના કોલડા ગામે રૂ.૮૪ લાખના ખર્ચે પ્રાથમિક શાળાના કામનું ખાતમુહૂર્ત તથા એગ્રીકલ્ચર શેડ તથા ૩ બ્લોક રોડના કામનું લોકાર્પણ કર્યુ હતું.



# લીલીયા-પાંચતલાવડા રોડ રૂ.૧૪.૫૦ કરોડના ખર્ચે ૭ મીટર પહોળો બનશે

**ધારાસભ્ય મહેશ કસવાલાએ સરકારમાંથી નાણા મંજૂર કરાવ્યા**

લીલીયા, તા.૧૯

લીલીયા - પાંચતલાવડાના હયાત ૩.૭૫ મીટર પહોળા રસ્તાને રૂ.૧૪.૫૦ કરોડના ખર્ચે ૭ મીટર પહોળો કરવા માટે સરકારે મંજૂરી આપી છે.

સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ રોડના સ્ટ્રકચર વાઈડનીંગ અને રિકન્ટ્રક્શનની કામગીરી અને સ્ટ્રેન્ધનીંગ કામ માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલને કરેલી રજૂઆતને સ્વીકારવામાં આવી હતી.

આવી કામગીરી બદલ પંથકના રહીશોએ ધારાસભ્ય અને સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.



# નાના લીલીયા વાડી વિસ્તારમાં રખડતા દીપડાને પાંજરે પુરવા ગ્રામજનોની રજૂઆત

**ગામલોકોએ તાત્કાલિક દીપડાને પાંજરે પુરવા માંગ કરી**

લીલીયા, તા.૧૯

લીલીયા વિસ્તારમાં સિંહોનો બહોળો વસવાટ છે સાથે સાથે દીપડા પણ જોવા મળી રહ્યા છે. નાના લીલીયા ખાતે વાડી વિસ્તારના સી.સી. ટી.વી કેમેરામાં દીપડો ટહેલતો કેદ થયો હતો. નાના લીલીયા, લોકી, વાઘણીયા વિસ્તારમાં ઘઉં, જીરામાં પીયત આપવા રાત્રી દરમિયાન ખેડૂતો જતા હોવાથી આ વિસ્તારના ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. નાના લીલીયા ગ્રામ પંચાયત દ્વારા વન વિભાગને પત્ર લખી આ દીપડાને તાત્કાલિક પકડી પાડવા માગ પણ કરવામાં આવેલ છે.

# અમરેલીના વોર્ડ નં.૪માં આયુષ્યમાન વય વંદના કાર્ડ, રેશનકાર્ડ ઈ-કેવાયસી કેમ્પ યોજાયો

અમરેલી, તા.૧૯

અમરેલીમાં સરકારી યોજનાઓની સરળ ઉપલબ્ધતા માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ-કેવાયસી પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. આ પ્રક્રિયામાં ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેમને ઘરની નજીક સુવિધા પુરી પાડવા સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબ અને તાલુકા હેલ્થ કચેરી દ્વારા શહેરના વોર્ડ નં.૪ ના પંચમુખી હનુમાનજી મંદિર, હનુમાનપરા મેઈન રોડ ખાતે કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં બહોળા પ્રમાણમાં લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, નગર સેવકો સુરેશભાઈ શેખવા, રમાબેન મહેતા, મનિષભાઈ ધરજીયા, અરૂણાબેન બામણીયા, દીપકભાઈ બાંભરોલીયા, ઋજુલભાઈ ગોંડલીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



# સા.કુંડલામાં ખરીદી કરવા ગયેલ મહિલાનો મોબાઈલ ચોરાયો

**અજાણ્યા શખ્સ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ**

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલામાં કંસારા બજાર પાસે શનિવારી પુલ નજીકથી કાપડની થેલીમાંથી મોબાઈલ ચોરાયો હતો. બનાવ અંગે અશ્વિનભાઈ જયંતિભાઈ રાઠોડ (ઉ.વ.૪૦)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમના પત્ની અને બહેન સાથે કંસારા બજારમાં ગયા હતા. તેમની બહેન પાસે રહેલો મોબાઈલ ફોન કાપડની થેલીમાં મૂક્યો હતો. જેની અજાણ્યો ઈસમ નજર ચૂકવીને ચોરી કરી લઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં બ્રહ્મેશ્વર મહાદેવ મંદિરે રામ કથાનું આયોજન

**મોટી સંખ્યામાં લોકોએ કથા શ્રવણનો લાભ લીધો**

અમરેલી, તા.૧૯

અમરેલીમાં લાઠી રોડ પર આવેલી બ્રાહ્મણ સોસાયટીમાં બ્રહ્મેશ્વર મહાદેવના મંદિરે રામ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથામાં સીતા-રામના વિવાહનો પ્રસંગ શ્રોતાજનોએ વાદ્ય સંગીતના તાલે ઉમંગ-ઉલ્હાસ અને મગ્ન બનીને ઉજવ્યો હતો. કડકડતી ઠંડી હોવા છતાં સવારે અને બપોરે કથાનું રસપાન કરવા માટે ભકતજનો ઉમટી રહ્યા છે.




# રાજુલાના ડુંગરથી કથીવદર રોડ ઉપર ગૌચરણમાં જુગાર રમતાં ૪ ઝબ્બે

ડુંગર, તા.૧૯


રાજુલાના ડુંગરથી કથીવદર રોડ ઉપર ગૌચરણમાં જુગાર રમતાં ચાર શખ્સો ઝડપાયા હતા. તેમની પાસેથી ૧૦,૪૧૦ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

દોસ્તમહમદભાઈ અલારખભાઈ ગાહા, હાજીભાઈ ભીખાભાઈ કનોજીયા, ફારૂકભાઈ દાદભાઈ સમેજા તથા ઈસ્માઈલભાઈ તાજુભાઈ ગાહા ડુંગરથી કથીવદર રોડ ઉપર ગૌચરાણમાં બાવળની ઝાડીમાં જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમતા રેઈડ દરમ્યાન રોકડા રૂ.૧૦,૪૧૦ સાથે ઝડપાયા હતા. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ગજેરા સંકુલની બી.બી.એ. કોલેજનું શાનદાર પરિણામ

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત, સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટની બી.બી.એ. મહિલા કોલેજ, શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) અમરેલીની વિદ્યાર્થિનીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટેની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બી.બી.એ. સેમેસ્ટર-૨ની પરીક્ષામાં શાનદાર પરિણામ મેળવીને સંકુલનું નામ રોશન કર્યું છે. જેમાં વાઘેલા પ્રાર્થના એન.: ૯૯.૨૭% સાથે પ્રથમ ક્રમ, દામાણી રોશની સી.: ૮૮.૦૦% સાથે બીજો ક્રમ, રાઠોડ આયુસી કે.: ૮૮.૮૨% સાથે ત્રીજો ક્રમાંક મેળવ્યો છે. સંકુલના ૯૬% વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં પાસ થવાની સાથે, તેમાંથી ૯૩% વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ગમાં પાસ થઈને સફળતા મેળવી છે. આ પરિણામ સંકુલના શિક્ષકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓની કઠોર મહેનતનું ફળ છે. આ શાનદાર પરિણામ બદલ સંકુલના તમામ સ્ટાફ, વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોને અભિનંદન. આ સફળતા સંકુલની શૈક્ષણિક ગુણવત્તાનું પ્રમાણ છે.



# દરિયાઈ કાંઠા વિસ્તારમાં આપત્તિ સામે આયોજન અને તૈયારીની બેઠક યોજાઈ

અમરેલી તા.૧૯

દરિયાઈ કાંઠો ધરાવતા વિસ્તારોમાં કેમિકલ ડિઝાસ્ટર કે અન્ય આપત્તિ સર્જાય તો તેવા સમયે હાથ કરવાની કાર્યવાહી અને તે માટેની તૈયારી તેમજ વિવિધ કચેરીઓના આંતરિક સંકલન અર્થે આગોતરી તૈયારી કરવાના ભાગરુપે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક રાખવામાં આવી હતી. દરિયાઈ વિસ્તારમાં થતી વનસ્પતિ અને તે વનસ્પતિને નુકસાન થાય તો તેના નિકાલ, પ્લાસ્ટિક કે અન્ય ચીજવસ્તુઓ હોય તો તેનો નિકાલ અને સફાઈ, પીવાના પાણી, વીજળી, વીજળી ન હોય તો મોબાઈલ જનરેટર સહિત પ્રાથમિક સુવિધાઓ વિશે આગોતરું આયોજન થઈ શકે તે માટે વિવિધ કચેરીઓનું સંકલન અને પરામર્શ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં રાજુલા-જાફરાબાદ પ્રાંત અધિકારી, મામલતદાર, આપત્તિ વ્યવસ્થાપન, તાલુકા વિકાસ અધિકારી, ઔદ્યોગિક સલામતી કચેરી, જાફરાબાદ, રાજુલા, અમરેલી નગરપાલિકા ચીફ ઓફિસર, આરોગ્ય અધિકારી, પોર્ટ, મત્સ્યોદ્યોગ, કોસ્ટ ગાર્ડ સહિત વિવિધ વિભાગ-કચેરીઓના અધિકારી-કર્મયોગીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. દેશભરના વિવિધ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં ફરજ બજાવતા વિવિધ કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ સહિતના જોડાયા હતા.

# લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

સાવરકુંડલા, તા.૧૯

શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, સાવરકુંડલા ખાતે ચાર વિવિધ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દિવ્યાંગો, કાન, નાક, ગળાના દર્દીઓ, કેન્સરના દર્દીઓ અને યુરોલોજીના દર્દીઓને નિદાન અને સારવાર કરવામાં આવી હતી. આ કેમ્પમાં દિવ્યાંગો માટે કૃત્રિમ હાથ-પગ બનાવવામાં આવ્યા હતા. નાક-કાન-ગળાનાં ૧૦૦થી વધુ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. કેન્સર સર્જન દ્વારા ૨૫ દર્દીઓનું નિદાન તથા પેશાબની તકલીફવાળા ૮ ઓપરેશનો પણ કરાયા હતા. આ ચારેય કેમ્પનો સાવરકુંડલા અને આજુબાજુના ગામના દર્દીઓએ ખૂબ સારો લાભ લીધો હતો.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# વિજયબાપુ સામેના આક્ષેપો સામે લોકોમાં રોષ, રાજુલામાં પ્રજાપતિ સમાજ દ્વારા રેલી

રાજુલા, તા.૧૯

સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ સતાધાર જગ્યાના મહંત વિજયબાપુ સામે થઈ રહેલા આક્ષેપો સામે રાજુલામાં પ્રજાપતિ સમાજ દ્વારા ભારે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે. મોટી સંખ્યામાં પ્રજાપતિ સમાજના આગેવાનો અને કાર્યકર્તાઓએ રાજુલા ડેપ્યુટી કલેકટર અને ધારાસભ્યને આવેદનપત્ર


તસવીર : ગોપાલ રાઠોડ

આપીને વિજયબાપુના સમર્થનમાં રજૂઆત કરી છે. રાજુલા માર્કેટ યાર્ડ ખાતે એકત્ર થયેલા પ્રજાપતિ સમાજના લોકો બાઈક રેલી કાઢીને પ્રાંત અધિકારીની કચેરી પહોંચ્યા હતા. રેલી દરમિયાન લોકોએ સૂત્રોચ્ચાર કરીને વિજયબાપુના સમર્થનમાં નારા લગાવ્યા હતા. રેલી બાદ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવીને વિજયબાપુ સામે થઈ રહેલા આક્ષેપોની તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. આવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, વિજયબાપુ સામે થઈ રહેલા આક્ષેપો પાયાવિહોણા છે અને તેમને બદનામ કરવાનો પ્રયાસ છે.

## ગૃહમંત્રીના નિવેદન સામે આવેદન, માફીની માંગ

# બાબાસાહેબ આંબેડકરના અપમાન સામે લીલીયામાં ઉગ્ર વિરોધ કરાયો

લીલીયા, તા.૧૯

લીલીયા મોટા ખાતે ડો. બાબા સાહેબ આંબેડકર યુવા ગ્રુપ અને તાલુકા કોંગ્રેસ પરિવાર દ્વારા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના અપમાન સંદર્ભે આજે મામલતદાર કચેરી ખાતે આવેદન પાઠવવામાં આવ્યું હતું. આવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, દેશના ગૃહમંત્રી દ્વારા



બાબાસાહેબ આંબેડકર વિશે કરવામાં આવેલી ટિપ્પણી ખૂબ જ નિંદનીય છે. બાબાસાહેબ આંબેડકર જેવા મહાન વ્યક્તિત્વ જેમણે દેશના બંધારણનું નિર્માણ કર્યું અને દલિત સમાજને ન્યાય અપાવ્યો, તેમના વિશે આ પ્રકારની ટિપ્પણી કરવી એ દેશના કરોડો લોકોનું અપમાન છે. આવેદનમાં ગૃહમંત્રી અમિત શાહ પાસે માફી માંગવાની અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

# રાજુલામાંથી તીનપત્તી ટીચતાં ચાર ઝડપાયા, એક ફરાર

**તીનપત્તીનો જુગાર રમતા ચાર ઈસમ રૂ.૧૦,૫૯૦ સાથે ઝડપાયા**

રાજુલા, તા.૧૯

રાજુલામાંથી પોલીસે તીનપત્તીનો જુગાર રમતાં ચાર ઈસમોને ઝડપી કાર્યવાહી કરી હતી. જ્યારે એક ફરાર થઈ ગયો હતો.

રાજુભાઈ બટુકભઈ સોલંકી, હિતેષભાઈ રાજુભાઈ વાઘ, નૌસાદભાઈ જુસબભાઈ દલ, સલીમભાઈ ઈસ્માઈલભાઈ પઠાણ રાજુલા ડોળીના પટ્ટ વિસ્તારમાં ખુલ્લી શેરીમાં જાહેરમાં સ્ટ્રીટલાઈટના અજવાળે ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૧૦,૫૯૦ સાથે ઝડપાયા હતા. જ્યારે શાહનવાજ ઉર્ફે સાલુભાઈ રજાકભાઈ જોખીયા નાસી ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

## આમ આદમી પાર્ટી દ્વારા આવેદનપત્ર

# ભયંકર મંદીનો સામનો કરી રહેલા હીરા ઉદ્યોગને રાહત પેકેજ આપવા વડાપ્રધાનને રજૂઆત

અમરેલી, તા.૧૯

છેલ્લા બે વર્ષથી ભયંકર મંદીનો સામનો કરી રહેલ હીરા ઉદ્યોગને આર્થિક સહાય પેકેજ આપવા માટે સમગ્ર રાજયમાંથી માંગ ઉઠી રહી છે. ગઈકાલે રાજયનાં મંત્રી મંડળની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. દેશનાં જીડીપીમાં મહત્વનું યોગદાન આપનાર



હીરા ઉદ્યોગમાં મંદીને કારણે લાખો રત્નકલાકારોએ રોજીરોટી ગુમાવી છે. જેને બચાવવા માટે સરકાર તાત્કાલિક રાહત પેકેજ જાહેર કરે તેવી અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં પ્રમુખ નિકુંજ સાવલીયાની આગેવાનીમાં વડાપ્રધાનને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ તકે જયદીપ પાંચાણી, જે.કે.સોહલીયા, ભાવેશભાઈ ગોહિલ, પુનાભાઈ સુહાગીયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

# સલડી ખાતે શાંતાબા હોસ્પિટલના સહયોગથી મેડિકલ કેમ્પ યોજાયો



લીલીયા, તા.૧૯

અ.નિ. મનસુખભાઈ સાંગાણીના સ્મરણાર્થે આજે સલડીમાં એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલ ખાતે સામાન્ય રોગ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલના ડોક્ટર્સ તથા પેરા મેડિકલ સ્ટાફે ઉમદા સેવા આપી હતી. ૧૨૫ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.




## અવસાન નોંધ

**લાઠી**

શબ્બીરભાઈ અકબરઅલી કપાસી, અબ્બાસભાઈ તથા મ. સૈફુદીનભાઈ (સા.કુંડલાવાળા)ના ભાઈ તથા યુસુફભાઈ હુસૈનભાઈ, બતુલબેનના બાવાજી તા.૧૯ના રોજ વફાત થયેલ છે. તેમની જયારતના ફાતીયા તા.૨૧ના રોજ ૧૧:૩૦ કલાકે લાઠી વ્હોરા મસ્જીદ ખાતે રાખેલ છે.

**દામનગર**

વૈદ્યરાજ વૃજલાલ મણિશંકર ભટ્ટ (ઉ.વ.૯૫) તા.૧૮ના રોજ કૈલાસવાસી થયેલ છે. તે ભરતભાઈ ભટ્ટ, કિશોરભાઈ ભટ્ટ તથા વર્ષાબેન હરેશકુમાર જોષી (બોટાદ), રંજનબેન સુરેશકુમાર ભટ્ટ (ભાવનગર), રેખાબેન સંજયકુમાર જોષી, મીનાબેન સંજયકુમાર જોષી (ભાવનગર)ના પિતાશ્રી તેમજ અનિલભાઈ જોષી (ગઢડા)ના ફુવા થાય. તેમની દશાહ તથા ઉતર ક્રિયા તેમજ લૌકીક વ્યવહાર તા.૩૦ના રોજ ધ્રુફણીયા (તાલુકો-લાઠી) નિવાસસ્થાને રાખેલ છે.







**-//રાજુલાના મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મું રાજુલા//-**

અરજદાર.... લક્ષ્મીબેન બોઘાભાઈ સાંખટ
ઉ.વ : ૬૧. ધંધો : ઘરકામ, ધર્મેઃ હિન્દુ,
રહે : મું. વિકટર, તા. રાજુલા જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા..... જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : વિકટર, તા. રાજુલા, જી. અમરેલી

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામા આવે છે કે, અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં વિકટર ગામના રહીશ શ્રી લક્ષ્મીબેન બોઘાભાઈ સાંખટ એ તેમનો પુત્ર દેગાભાઈ બોઘાભાઈ સાંખટ નાં જન્મ તા.૦૧/૦૬/૧૯૮૮ નાં રોજ રાજુલા તાલુકાનાં વિકટર ગામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી વકીલ શ્રી એ. બી. શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રી ની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા.૧૮ માહે ૧૦ સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કા કરી ને આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૮/૧૦/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહિ
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા









# બાબાપુરમાં ત્રિભાષા દર્શનમની ૯૦મી શિબિરનો પ્રારંભ થયો

બાબાપુર, તા.૧૯

શ્રી સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર ખાતે ત્રિભાષા દર્શનમની ૯૦મી વિદ્યાર્થી શિબિરનો ભવ્ય પ્રારંભ થયો છે. આ શિબિરમાં દીપ પ્રાગટ્ય સંસ્થાના પ્રમુખ વસંતભાઈ પરીખ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી મોહનભાઈ વાળાએ આવકાર પ્રવચન આપીને શિબિરના મહત્વ પર ભાર મૂક્યો હતો. આ ત્રણ દિવસીય શિબિરમાં વિદ્યાર્થીઓને વિવિધ જૂથ કાર્યો સોંપવામાં આવશે. જેમાં રિવર ક્રોસિંગ, રાયફલ શૂટિંગ, ત્રિભાષા (હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત) દર્શનમ અને પ્રાચીન ઋષિમુનિઓ વિશે જાણવા મળશે. સવારે વિદ્યાર્થીઓ યોગ અને પ્રાણાયામ કરશે અને સાંજે સમૂહ રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમના અંતે વડેરા હાઈસ્કૂલના પ્રિન્સિપાલ મુકુંદભાઈ મહેતાએ આભાર વિધિ કરી હતી. આ શિબિરમાં સંસ્થા સંચાલિત ૧૬ શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે અને જૂથ સંચાલન શાળાના ભાષા શિક્ષકો દ્વારા કરવામાં આવી રહ્યું છે.



# સતાધાર વિવાદ: ધારીમાં વિજયબાપુના સમર્થનમાં રેલી કાઢીને આવેદનપત્ર પાઠવ્યું

અમરેલી, તા.૧૯

સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ સતાધાર જગ્યાના મહંત વિજયબાપુ સામે થઈ રહેલા આક્ષેપો સામે અમરેલી જિલ્લાના ધારી પંથકમાંથી ભારે વિરોધ વ્યક્ત થઈ રહ્યો છે. ધારી પંથકના વિવિધ સમાજના લોકોએ સતાધાર જગ્યા અને વિજયબાપુના સમર્થનમાં રેલી કાઢીને પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું છે. સતાધાર જગ્યા એ સૌરાષ્ટ્રની આસ્થાનું કેન્દ્ર છે અને અમરેલી જિલ્લાના લોકોની આસ્થા આ જગ્યા સાથે જોડાયેલી છે. વિજયબાપુ સામે થઈ રહેલા આક્ષેપોને લઈને લોકોમાં ભારે રોષ છે. આક્ષેપોને પાયાવિહોણા ગણાવીને લોકો વિજયબાપુના સમર્થનમાં આગળ આવ્યા છે. ધારી પંથકના કાચાસાહેબ મધુભાઈ વાઘેલા, ટીનુભાઈ લલિયા અને મનોજભાઈ વાઘેલાના નેતૃત્વમાં આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા ભરમાંથી મોટી સંખ્યામાં લોકો બાઈક સાથે આ રેલીમાં જોડાયા હતા.



# અમરેલી નાના બસસ્ટેન્ડ પાસે પ્રૌઢના પગ પર એસ.ટી.બસનું ટાયર ફરી વળ્યું

અમરેલી, તા.૧૯

અમરેલીમાં રહેતા સંજયભાઈ ધનજીભાઈ મકવાણા (ઉ.વ.૩૫) એ અમરેલીથી કાંગસા જતી એસ.ટી. બસના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા ૧૫/૧૨/૨૦૨૪ ના રોજ અમરેલી નાના બસસ્ટેન્ડે પોતાના ઘરે જવા બસની રાહ જોઈને ઉભા હતા. તે દરમિયાન આશરે ૪ વાગ્યે અમરેલીથી કાંગસા જતી બસ આવતા બસનો કંડક્ટર સાઈડ આગળનો દરવાજો ખુલ્લો હતો અને બસ શરૂ હાલતમાં હતી. તે સમયે તેમના પિતાજી નાના બસસ્ટેન્ડથી દોડીને દરવાજાનું હેન્ડલ પકડી બસમાં ચડવા જતા અચાનક પડી જતા બસનું ટાયર તેના પગ ઉપર ફરી વળતા બન્ને પગમાં ઓપરેશન આવ્યું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા ખાતે સંઘવી પ્રાથમિક શાળા નં. ૪નું ખાતમુહૂર્ત કરાયું

**ધારાસભ્ય હિરાભાઈ સોલંકીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું**

રાજુલા, તા.૧૯

રાજુલા શહેરમાં આવેલ સંઘવી પ્રાથમિક શાળા નં.૪નું ધારાસભ્ય હિરાભાઈ સોલંકીનાં હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂા.૯૫ લાખનાં ખર્ચે તૈયાર થનાર શાળામાં ભૌતિક સુવિધા સાથે ૧૦ વર્ગખંડ બનાવવામાં આવશે. આ તકે ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે સુવિધાઓની જરૂર હશે ત્યાં સ્વખર્ચે પણ બાંધકામ કરાશે.

આ તકે મોટી સંખ્યામાં રાજકીય અને સામાજીક આગેવાનો તથા શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : ગોપાલ રાઠોડ

# અમરેલીના વેપારી સાથે આસામના યુવકે રૂ. ૧.૭૦ લાખનું ચીટિંગ કર્યું

**વોટ્સએપ પર આવેલા મેસેજનો વિશ્વાસ કરવો ભારે પડ્યો**

અમરેલી, તા.૧૯

અમરેલીમાં એક વેપારીને વોટ્સએપ પર આવેલા મેસેજ પર વિશ્વાસ કરવાનું ભારે પડ્યું હતું અને તેની સાથે રૂ.૧.૭૦ લાખની છેતરપિંડી થઈ હતી.

કેતનભાઈ જગુભાઈ બોરીચા (ઉ.વ.૩૦)એ આસામ પેપર સપ્લાય કંપની નામના અજાણ્યા માણસ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ હોલસેલ કાગળનો વેપાર કરે છે. તેમના નંબર પર અજાણ્યા વોટ્સએપ મેસેજ આવ્યા હતા. જેમાં આરોપીએ તેનું નામ અશ્વીનીકુમાર સેલ્સ મેનેજર હોવાનું તથા આસામ પેપર સપ્લાય કંપનીમાં કામ કરતાં હોવાનું જણાવી પાંચ જુદા જુદા ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરાવી કુલ ૧,૭૦,૭૫૦ રૂપિયાની છેતરપિંડી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એલ. ખટાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના ગોવિંદપુર ગામેથી મુન્નાભાઈ MBBS ઝડપાયો

ધારી, તા.૧૯

ધારીના ગોવિંદપુર ગામેથી મુન્નાભાઈ એમબીબીએસ એટલે કે બોગસ તબીબ ઝડપાયો હતો. તેની પાસેથી ૧૬,૩૯૯ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. કાંગસા ગામે રહેતા ભાર્ગવભાઈ રાજુભાઈ ડાભી (બાબરીયા – ઉ.વ.૩૦) કોઈપણ જાતની ડિગ્રી વગર ક્લિનિક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપતાં ઝડપાયો હતો. તેની પાસેથી વિવિધ સાધન સામગ્રી મળી કુલ ૧૬,૩૯૯ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.જે. લકુમ વધુ તપાસ કરી રહ્યા છે.



# અમરેલી જિલ્લાના ૧૧ તાલુકામાં યુવક કોંગ્રેસ પ્રમુખોની નિમણૂંક

**અમરેલી તાલુકા પ્રમુખ તરીકે આશિષભાઈ જેબલિયાની નિમણૂંક**

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદીપ ધાનાણી દ્વારા અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાના યુવા પ્રમુખની નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં અમરેલી તાલુકા પ્રમુખ તરીકે આશિષભાઈ જેબલિયા, કુંકાવાવ તાલુકા પ્રમુખ તરીકે નિશાંત આંબલીયા, સાવરકુંડલા તાલુકાના પ્રમુખ તરીકે નિર્મળ જયાબેન વાટલિયા, લીલીયાના પ્રમુખ તરીકે વિજયભાઈ કોગથીયા, રાજુલા તાલુકાના પ્રમુખ તરીકે વિજયભાઈ પરમાર, જાફરાબાદ તાલુકાના પ્રમુખ યુવરાજભાઈ વરુ, ધારી તાલુકાના પ્રમુખ તરીકે કલ્પેશભાઈ ચાવડા, ખાંભા તાલુકાના પ્રમુખ મનોજભાઈ સેંજલિયા, બગસરા તાલુકાના પ્રમુખ તરીકે ગોપાલભાઈ સતાસિયા, લાઠી તાલુકાના પ્રમુખ પિયુષભાઈ તળાવીયા, બાબરા તાલુકાના પ્રમુખ તરીકે વિજયભાઈ જાપડિયાની નિમણૂંક કરવામાં આવી છે. ઉપરોક્ત નિમણૂંકને અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પરેશભાઈ ધાનાણી સહિતનાઓએ આવકારી છે.

# ચલાલામાં મંદિરમાંથી ધોળા દિવસે ચોરી થતાં ચકચાર

ચલાલા, તા.૧૯

ચલાલામાં મંદિરમાંથી ધોળા દિવસે ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે અરૂણભાઈ પોપટભાઈ કાથરોટીયા (ઉ.વ.૫૮)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ચલાલા ખાતે દાન મહારાજની જગ્યા પાસે આવેલા સ્વામિનારાયણ મંદિરના તેઓ કોઠારી છે. આ સ્વામિનારાયણ મંદિરે ધોળા દિવસે ભગવાનના ગર્ભગૃહમાં ઉપર લટકાવેલા છતરની અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે તેની કિંમત રૂ.૫૮,૫૦૦ જાહેર થઈ હતી. ચલાલા પોલીસ સ્ટેશનના પી.આઈ એ.ડી. ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પાંચમ
તા. ૨૦-૧૨-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૦૯,
સૂર્યાસ્ત-૦૫:૨૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

**તા. ૨૦-૧૨-૨૦૨૪ — શુક્રવાર**

મેષ: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે.

વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે.

મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.

કર્ક: આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે.

સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો.

કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો.

તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભોગ બનવું પડશે. ભૌતિક આરામ પર ખર્ચા વધુ થશે.

ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ દિવસ સારો રહેશે.

મકર: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ વધી શકે છે. પુણ્યની કામગીરીમાં રાતનો સમય વિતાવશો.

# નર્સિંગના વિદ્યાર્થીઓ સાવરકુંડલાના માનવ મંદિરની સંશોધન મુલાકાતે

સાવરકુંડલા, તા.૧૯

અમરેલીની શાંતબા મેડિકલ કોલેજના B.sc નર્સિંગ અને A.N.Mના વિદ્યાર્થીઓએ સાવરકુંડલા સ્થિત માનવમંદિરની સંશોધન હેતુથી મુલાકાત લીધી હતી. માનવમંદિરમાં મનોરોગી બહેનોની એક પરિવારની જેમ પૂ. ભક્તિરામબાપુ હેતથી માવજત કરે છે. અહીંથી અનેક મનોરોગી બહેનો સાજી થઈને પોતાના ઘરે પરત પણ ગયેલ છે. અહીં નાતજાતના ભેદભાવ વગર માત્ર સ્નેહથી નિઃસ્વાર્થ અને નિશુલ્ક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. નોંધનીય બાબત એ છે કે પૂ. ભક્તિરામબાપુ આ સંસ્થા માટે કોઈની પાસે સામેથી નાણાકીય અપેક્ષા રાખતા નથી. અહીં સેવાકીય પ્રવૃત્તિઓ નિહાળીને દાતાઓ દાનની સરવાણી વહાવે છે.



# વડીયા શહેરના ખડખડ ગામેથી બાઈકની ચોરી

વડીયા, તા.૧૯

વડીયાના ખડખડ ગામેથી બાઈકની ચોરી થઈ હતી. બનાવ અંગે મહેન્દ્રભાઈ સુરેશભાઈ સેજુ (ઉ.વ.૩૬) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની મોટર સાયકલ કોઈ અજાણ્યો ચોર ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે તેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦ જાહેર થઈ હતી.

વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી. કલસરીયા વધુ તપાસ કરી રહ્યા છે.






**તંત્રી લેખ**

# તમામ રાજકીય પક્ષો માટે બંધારણ સર્વોપરી

સત્ય હોય તે બધું જ પ્રિય નથી હોતું, ને જે પ્રિય હોય તે બધું સત્ય નથી હોતું. સત્ય નજર સમક્ષ જ છે, સનાતન છે. ભારતનું બંધારણ આપણી સમક્ષ જ છે તેની રચના કરનાર બાબાસાહેબ સન્માનિત વ્યક્તિ છે. કોઈપણ રાજકીય પક્ષ હોય તે રાજકીય પક્ષ બંધારણને સન્માન આપે છે તો પછી બંધારણના સર્જકને પણ સન્માન આપવું ઘટે આ વસ્તુ કોંગ્રેસ ભૂલી ચૂકી છે. દાયકાઓના શાસન પછી પણ કોંગ્રેસે બંધારણના સર્જક બાબાસાહેબને ભારત રત્ન આપવામાં ઠાગાઠૈયા જ કયા છે. અમિત શાહે બંધારણના ૭૫ વર્ષ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું હતું કે, જો આંબેડકરના નામ જેટલું ભગવાનનું નામ લીધું હોત તો તેમને સાત જન્મો સુધી સ્વર્ગ મળત. આ નિવેદનનો વિપક્ષે જોરદાર વિરોધ વ્યક્ત કર્યો હતો. શાહે કોંગ્રેસ પર વોટબેંકની રાજનીતિ માટે આંબેડકરના નામનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. વિરોધ પક્ષોએ અમિત શાહ પર શાબ્દિક રીતે આક્રમણ કર્યું ત્યારે તેના બચાવમાં પીએમ મોદી આવી ગયા અને કહ્યું કે "ડોક્ટર બાબાસાહેબ આંબેડકરનો વારસો ભૂંસી નાખવાની કોંગ્રેસની આ ચાલ છે. તો મહત્વની વસ્તુ એ જ છે કે કોંગ્રેસનું શાસન દાયકાઓ સુધી રહ્યું છતાં પણ કોંગ્રેસે બાબાસાહેબને ભારત રત્ન શા માટે ન આપ્યો તેવો પ્રશ્ન ઉઠાવ્યો હતો." એક વસ્તુ સ્પષ્ટ છે કે સમાજ વ્યક્તિથી બને છે અને વ્યક્તિની એક બાજુ રાખીને આપણે કોઈ સમાજ વ્યવસ્થા વિચારી ન શકીએ તેમ હિન્દી સાહિત્યના પ્રખર સાહિત્યકાર પ્રેમચંદ કહે છે. એક વસ્તુ સર્વ વિદિત છે કે બાબાસાહેબે રાષ્ટ્ર માટે બંધારણનું ઘડતર કર્યું તે સૌથી મોટું તેનું પ્રદાન છે તે કોંગ્રેસે ભુલવું ન જોઈએ. એનો સૌથી મોટો વારસો ભારતનું બંધારણ છે, સામાજિક સુધારા છે અને તમામ પક્ષોએ તેનું સન્માન કરવું જરૂરી છે એને માટે વિવાદો કરવાનો કોઈ અર્થ નથી. વ્યર્થ વિવાદો ઊભા કરીને સંસદના કાર્યને અટકાવવું એ વ્યાજબી નથી. સંસદની કાર્યવાહી વ્યવસ્થિત ચાલવી જોઈએ. સર્વ ધર્મ સમભાવ અને રાષ્ટ્રીય એકતાની હિમાયત બંધારણ કરે છે પરંતુ વોટબેંકની રાજનીતિ જ્યારે કરવામાં આવે છે ત્યારે સંસદ ચાલતી નથી, લોકોના કાર્ય થતા નથી. બીજી બાજુ મોરચાઓ, હડતાલો, બંધ અને ચિક્કાર રજાઓએ આ પવિત્ર ધરતી પર ભ્રષ્ટાચારના વાવેતર કર્યા છે. એક બાજુથી આજે કાયદો પાળનારો સામાન્ય નાગરિક બીકનો માર્યો થરથર ધ્રૂજે છે અને બીજી બાજુ મોટા નેતાઓ અને ઉપરી અધિકારીઓ કાયદાને પોતાના ખિસ્સામાં રાખે છે! અમેરિકામાં સામાન્ય નાગરિક પણ સમજી વિચારીને બોલે છે જ્યારે આપણા વિપક્ષી નેતાઓની વાણી માત્ર વિવાદો ઊભા કરે છે અને સંસદની કાર્યવાહીને ચાલવા દેતા નથી. આવી જ એક ઘટનામાં ગઠબંધન પાર્ટીના નેતાઓએ રજનું ગજ કર્યું. અમિત શાહના એક નિવેદનનો નાનકડો અંશ લઈને મોટો વિવાદ ઉભો કર્યો. લોકશાહીમાં સંસદમાં કાર્યવાહી થાય તે અત્યંત જરૂરી છે, પરંતુ જેને સંસદની કાર્યવાહી ચાલવા જ નથી દેવી અને સંસદમાં કોઈ પ્રસ્તાવ રજૂ જ ન થાય તે રીતે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાના સંસદ સભ્યો વર્તી રહ્યા છે. અમિત શાહના આંબેડકર અંગેના નિવેદનથી જબરો હોબાળો વિપક્ષોએ કર્યો હતો અને બંધારણના સર્જક મુદ્દે સંસદથી સડક સુધી રાજકીય વિવાદનું સર્જન કર્યું હતું. ભાજપ બાબાસાહેબના વિઝનને નીતિઓમાં ફેરવી રહી છે.

# જળમાર્ગોનો વિકાસ કરવાથી ભાવનગર, અમરેલીથી માંડી સમગ્ર સૌરાષ્ટ્રનો વિકાસ હરણફાળ ભરશે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



જળમાર્ગ પરિવહન એ વ્યક્તિઓ અને વસ્તુઓને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવાની સૌથી પ્રાચીન અને પર્યાવરણને અનુકૂળ પદ્ધતિઓ પૈકીની એક છે.


જળમાર્ગ પરિવહનના પ્રકારો:- સમુદ્રી પરિવહન: વિશ્વના મોટાભાગના વેપાર માટે સમુદ્રી પરિવહન એ મુખ્ય માધ્યમ છે. કન્ટેનર જહાજો, ટેન્કર, બલ્ક કેરિયર્સ જેવાં વિવિધ પ્રકારનાં જહાજોનો ઉપયોગ કરીને મોટા પ્રમાણમાં માલસામાનનું પરિવહન કરવામાં આવે છે. નદી પરિવહન: નદીઓનો ઉપયોગ કરીને આંતરિક વિસ્તારોમાં માલસામાનનું પરિવહન કરવામાં આવે છે. ભારતમાં ગંગા નદી જેવા મોટા નદી માર્ગો પરિવહન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કેનાલ પરિવહન: માનવસર્જિત કેનાલોનો ઉપયોગ કરીને જળમાર્ગ પરિવહન કરવામાં આવે છે. પનામા કેનાલ અને સુએઝ કેનાલ જેવી કેનાલોએ વિશ્વ વેપારને નવું પરિમાણ આપ્યું છે.

જળમાર્ગ પરિવહનના ફાયદા:- લાંબા અંતર માટે ઓછો ખર્ચ: મોટા પ્રમાણમાં માલસામાનનું પરિવહન કરવા માટે જળમાર્ગ પરિવહન સૌથી સસ્તું માધ્યમ છે. પર્યાવરણને અનુકૂળ: જળમાર્ગ પરિવહન અન્ય પરિવહન માધ્યમોની તુલનામાં ઓછું પ્રદૂષણ કરે છે. મોટા પ્રમાણમાં માલસામાનનું પરિવહન: જહાજો મોટા પ્રમાણમાં માલસામાનને એક જ સમયે એક સ્થળેથી બીજા સ્થળે લઈ જઈ શકે છે.

જળમાર્ગ પરિવહનની મર્યાદાઓ:- જ્યારે નદીઓનો જળમાર્ગ તરીકે ઉપયોગ કરવામાં આવે ત્યારે ઉનાળાની સિઝનમાં નદીઓનું જળ સ્તર ઘટી જશે ત્યારે આ જળ માર્ગ બંધ થશે. સાબરમતી, મહી, નર્મદા જેવી મોટી નદીઓ અને તેના મોટા ડેમોમાં જળ માર્ગ વિકસિત કરી શકાય છે. શેત્રુંજી નદીમાંથી રેતી ચોરનારા ટગબોટ અને નાના વહાણો વડે ખુબ મોટા પ્રમાણમાં ખનીજ ચોરી કરવા જળમાર્ગનો ઉપયોગ કરી રહયા હોવાના સમાચારો ફોટા સાથે અખબારોમાં ગત સપ્તાહે પ્રસિદ્ધ થયા હતા. આવી નદીઓનો ઉપયોગ પરિવહન માટે શા માટે ના થઈ શકે.? મોસમ અને હવામાનની અસર: વાવાઝોડા, તોફાન જેવી કુદરતી આફતોથી જળમાર્ગ પરિવહન પ્રભાવિત થઈ શકે છે. ધીમી ગતિ: જળમાર્ગ પરિવહન હવાઈ અને રેલવે પરિવહન કરતાં ધીમું છે. મર્યાદિત પહોંચ: જળમાર્ગ પરિવહન માત્ર નદીઓ, સમુદ્રો અને કેનાલો સુધી મર્યાદિત છે. ભારતમાં જળમાર્ગ પરિવહન:ભારતમાં ગંગા નદી, બ્રહ્મપુત્ર નદી જેવી મોટી નદીઓ આવેલી છે. સરકાર દ્વારા જળમાર્ગ પરિવહનને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્યમાં મનોરંજક નૌકાવિહાર પ્રવૃત્તિ નિયમન અને સલામતી સુનિશ્ચિત કરવાના એક સીમાચિહ્નરૂપ પગલામાં, ગુજરાત મેરીટાઈમ બોર્ડે ગુજરાત ઈનલેન્ડ વેસેલ્સ રૂલ્સ, ૨૦૨૪નું અનાવરણ કર્યું છે. રાજ્યના આંતરિક જળમાર્ગો, નોંધણી, સર્વેક્ષણ અને સંચાલન માટે સંરચિત માળખું પૂરું પાડવાનું લક્ષ્ય રાખે છે. આંતરિક જળમાર્ગો એટલે શું એ જાણવું જરૂરી છે. આંતરિક જળમાર્ગો એટલે કે દરિયાથી દૂર, ખંડના અંદરના ભાગમાં આવેલા નદીઓ, નહેરો અને તળાવો જેવા જળમાર્ગો. આ જળમાર્ગોનો ઉપયોગ માલ અને મુસાફરોના પરિવહન માટે થાય છે. આંતરિક જળમાર્ગોના ફાયદા:- કિંમત ઓછી એ સૌથી મોટો ફાયદો છે. રસ્તા બનાવવા કરતાં જળમાર્ગો બનાવવાનો ખર્ચ ઓછો હોય છે. જળમાર્ગ પરિવહન હવા અને જમીન પરના પરિવહન કરતાં પર્યાવરણને ઓછું નુકસાન કરે છે. જળમાર્ગો દ્વારા એક સાથે વધુ વજનની વસ્તુઓ સરળતાથી પરિવહન કરી શકાય છે. જળમાર્ગો દ્વારા દૂરના વિસ્તારોને સરળતાથી જોડી શકાય છે. ભારતમાં આંતરિક જળમાર્ગો માટે ઘણો મોટો અવકાશ છે. ભાવનગરથી હજીરા સુધીની રો-રો ફેરી સર્વિસ આનું સર્વોત્તમ ઉદાહરણ છે અને આનાથી સૌરાષ્ટ્ર દક્ષિણ ગુજરાતનું અંતર સાવ ઘટી ગયું છે, સમય અને શક્તિની બચત પણ થાય છે. ભારતમાં ઘણી મહત્વની નદીઓ છે જે આંતરિક જળમાર્ગ તરીકે ઉપયોગમાં લેવાય છે. જેમ કે ગંગા, બ્રહ્મપુત્ર, નર્મદા, મહાનદી વગેરે. આંતરિક જળમાર્ગોની સમસ્યાઓ પણ અનેક છે. જળમાર્ગોની જાળવણી કરવી જરૂરી છે. અગાઉ ઘોઘા દહેજ ફેરી સર્વિસ શરૂ કરવામાં આવેલી પરંતુ ત્યાં સિલ્ટિંગનો ખૂબ મોટો પ્રોબ્લેમ ઊભો થયો હતો કારણકે નર્મદા નદીનો કાંપ મોટા પ્રમાણમાં ઠલવાતો હતો. ત્યારબાદ સરકારે દહેજને કેન્સલ કરીને સુરત પાસેના હજીરાને મુખ્ય મથક બનાવ્યું અને ત્યાંથી ઘોઘા હજીરા ફેરી સર્વિસ કોઈપણ જાતના પ્રોબ્લેમ વગર અત્યારે ખૂબ સારી રીતે ચાલી રહી છે. આમાં પણ અમુક મેન્ટેનન્સ કરવું પડે છે. આ સમુદ્રમાર્ગ હોવાથી દરિયાની ભરતી, ઓટ અને ઋતુગત સમસ્યાઓનો સામનો કરવો પડે છે પરંતુ તે અમૂલ્ય હોવાથી આ જળમાર્ગ રાષ્ટ્ર માટે સૌથી વધુ મહત્વનો અને સૌથી વધુ ઉપયોગ કરવામાં આવતો જળમાર્ગ છે. આવા જળમાર્ગો વિકસાવી શકાય છે. ઘોઘાથી છેક શ્રીલંકા સુધી જળમાર્ગ આ રીતે વિકસાવી શકાય છે. સૌરાષ્ટ્રના ઘોઘાથી દ્વારકા જવા માટે પણ આવો જળમાર્ગ વિકસાવી શકાય છે. ઘણા જળમાર્ગોની યોગ્ય જાળવણી ન થતી હોવાથી તેનો ઉપયોગ ઓછો થાય છે. ઘોઘા દહેજ જળમાર્ગ આવો એક જળમાર્ગ છે જેનો ઓછો ઉપયોગ થાય છે એક સમયે નાના હોડકા દ્વારા ઘોઘાથી દહેજનો સૌથી વધુ ઉપયોગ થતો હતો પરંતુ હવે ટગબોટ અને હોડકા દ્વારા આ જળમાર્ગનો ઉપયોગ કરી શકાય તેમ છે પરંતુ અહીં નિયમિત ડ્રેઝિંગ કરવું જરૂરી બની ચૂક્યું છે. વરસાદની મોસમમાં જળમાર્ગોમાં પાણી વધી જાય છે અને શિયાળામાં પાણી ઓછું થઈ જાય છે. ચોમાસામાં ભારે પવન, દરિયાઈ કરંટ હોય ત્યારે સમુદ્રી જળમાર્ગનો ઉપયોગ સલામતીને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. ઘણા જળમાર્ગો પર આધુનિક સુવિધાઓનો અભાવ હોય છે. જ્યાં હોડકા દ્વારા જળમાર્ગનો ઉપયોગ કરવામાં આવે છે ત્યાં સલામતી ઓછી હોય છે. બરોડામાં આવી ઘટના બની ચૂકી છે. ગંગા નદીમાં પણ વારંવાર આવી ઘટનાઓ બને છે પરંતુ ઘોઘા હજીરા ફેરી સર્વિસમાં આવી ઘટનાઓ નહીવત બને છે કારણ કે ત્યાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. ગત સપ્તાહે એક પેસેન્જર સમુદ્રમાં પડી જતા તેને તરત જ બચાવી લેવામાં આવ્યો હતો. કારણ કે આ જહાજમાં આધુનિક સુવિધાઓ છે. ભવિષ્યમાં આંતરિક જળમાર્ગોનો વિકાસ થઈ શકે છે. ભારત સરકાર આંતરિક જળમાર્ગોના વિકાસ પર ભાર મૂકી રહી છે. નવા જળમાર્ગો બનાવવા અને જૂના જળમાર્ગોનું નવીનીકરણ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આનાથી માલસામાનના પરિવહનમાં ખર્ચ ઘટશે અને પર્યાવરણને પણ ફાયદો થશે. પર્યાવરણનું જતન કરવા માટે રો -રો સર્વિસ ટર્મિનલની બંનેને બાજુએ મોટા પાયા પર મેન્ગ્રુવનું ટ્રાન્સપ્લાન્ટેશન કરી શકાય તેમ છે આ ઉપરાંત અહીં ગુજરાતનો સૌપ્રથમ અને સૌથી મોટો મેન્ગ્રુવ પાર્ક ગ્રીન સિટીના સહયોગથી કરવામાં આવે તે જરૂરી છે.

**આંતરિક જળમાર્ગોના ફાયદા અનેક છે જેમાં ઘોઘા બોમ્બે રો-રો ફેરી સર્વિસ શરૂ કરવી હવે અતિ આવશ્યક છે જેથી સમય, શક્તિની બચત થશે. અને અમદાવાદ બોમ્બે હાઈવેનો ટ્રાંફિક સાવ ઘટી જતા અકસ્માતો પણ નહિવત થઈ જશે અને ખૂણામાં રહેલું ભાવનગર ગેઇટ વે ઓફ સૌરાષ્ટ્ર બની જશે.**

## શબ્દ સંજોગ-૧૯૨૧



**આડી ચાવી :**
(૧) અમીર-ઉમરાવોની રાજસભાને મળવવાનું દીવાનખાનું (૫)
(૫) ઠાકોરજીને ધરાવેલી રેશમની માળા (૩)
(૭) ખેડયા વિનાનું (૪)
(૮) ચીતરેલું, રંગબેરંગી (૩)
(૯) દાણાદાર લોટ (૨)
(૧૦) ફરાર વ્યક્તિને પકડવા માટે પોલીસ...બંધી કરે છે (૨)
(૧૩) દરજી (૨)
(૧૪) અક્કલ, સમજણ (૨)
(૧૫) જનતા, જનસમૂહ (૨)
(૧૬) એક વૃક્ષ (૨)
(૧૭) પરમેશ્વર, પરવરદિગાર (૨)
(૧૮) અડચણ, નડતર (૪)
(૨૦) સુંદર સ્ત્રી, લક્ષ્મી (૨)
(૨૨) ઉત્કટ ઈચ્છા, તૃષ્ણા (૩)
(૨૩) ત્રણ પૈસા (૨)
(૨૫) દયા, કૃપા (૩)
(૨૭) જોડકું (આ-અ) (૩)
(૨૮) પીરસેલી થાળી (૨)
(૨૯) નવલું, આશ્ચર્યકારક (૩)

**ઉભી ચાવી :**
(૧) એક જંગલી પ્રાણી(૩)
(૨) જમીનની આસપાસ, કાંટા વગેરેથી કરેલી આડ(૨)
(૩) એક જાતનો વેલો અને તેની સોટી (૩)
(૪) વહાણ ચલાવનારો, ખલાસી (૩)
(૫) પત્ર, નાનું છાપું (૩)
(૬) વિત્ત, ધન (૨)
(૮) ચીનમાં બનાવેલું (૩)
(૧૧) બાજ (૨)
(૧૨) ચાર ચરણનું પદ (૨)
(૧૩) સ્તબ્ધ, દિગ્મૂઢ (૩)
(૧૪) એક પશું (૩)
(૧૫) લોકોમાં નઠારું કહેવાવાનો ડર (૪)
(૧૬) પતિ, વરદાન (૨)
(૧૮) હસાવે એવું(૪)
(૧૯) કાંઠો, કિનારો (૨)
(૨૧) સ્થાવર અને જંગમ મિલકત (૪)
(૨૪) એક પક્ષી (૩)
(૨૬) ક્રિકેટમાં જીત માટે કરવા પડે (૨)

## શબ્દ સંજોગ-૧૯૨૨ જવાબ

**આડી ચાવી:** (૧) અંબાજી (૩) તરજુબો (૬) વસન (૭) નદ (૮) તયન(તનય) (૧૦) રવ (૧૨) કઢી (૧૪) શ્રીફળ (૧૫) કનક (૧૬) અલૂણું (૧૯) મકર (૨૧) માલી (૨૨) વાળ (૨૩) મહેશ (૨૫) શકે(કેશ) (૨૬) લામા (૨૭) મગ (૨૮) ફકત (૨૯) મમરી.
**ઉભી ચાવી:** (૧) અંગત (૨) જીવન (૩) તનરફ(નફરત) (૪) જાુન (૫) મોદક (૯) યવન (૧૧) વળ (૧૩) ઢીમણું (૧૫) કર્ક (૧૬) કમળ (૧૭) અમાસ (૧૮) લૂલી (૨૦) રમમાણ (૨૨) વાકેફ (૨૪) સુગરી (૨૭) મમ.

# માર્કેટયાર્ડનાં ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૬૦ |
| ઘઉં લોકવન | ૫૮૭ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૫૯૬ | ૬૫૪ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૯૦ |
| જુવાર પીળી | ૪૩૦ | ૫૦૦ |
| બાજરી | ૪૨૫ | ૪૮૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૭૮૦ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૩૧૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૬૦૦ |
| અડદ | ૧૨૨૦ | ૧૭૨૫ |
| મગ | ૧૨૦૦ | ૧૮૦૯ |
| વાલ દેશી | ૧૧૪૯ | ૧૨૮૮ |
| ચોળી | ૧૪૦૧ | ૨૬૦૧ |
| મઠ | ૭૦૦ | ૧૧૫૧ |
| કળથી | ૮૭૫ | ૧૦૮૦ |
| સીંગદાણા | ૧૨૮૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૮૭૦ | ૧૧૮૦ |
| મગફળી જીણી | ૮૯૦ | ૧૩૦૦ |
| તલી | ૨૧૦૦ | ૨૫૨૫ |
| એરંડા | ૧૦૧૦ | ૧૧૯૯ |
| અજમો | ૨૪૯૯ | ૨૪૯૯ |
| સુવા | ૧૧૮૫ | ૧૧૮૫ |
| સોયાબીન | ૭૭૦ | ૮૩૬ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૬૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૫૧૧૮ |
| લસણ | ૧૫૦૦ | ૪૦૦૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૫૧૫ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૨૮૦૦ |
| ધાણી | ૧૩૨૧ | ૧૫૬૦ |
| વરીયાળી | ૧૦૬૦ | ૧૬૨૨ |
| જીરૂ | ૪૧૩૦ | ૪૫૮૦ |
| રાય | ૧૧૨૦ | ૧૩૩૩ |
| મેથી | ૯૪૦ | ૧૨૫૧ |
| ઇસબગુલ | ૧૯૮૭ | ૨૧૦૦ |
| રાયડો | ૯૭૫ | ૧૧૪૩ |
| રજકાનું બી | ૩૫૦૦ | ૪૫૦૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૫૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૮૫ | ૪૨૦ |
| ટમેટા | ૪૨૦ | ૬૧૦ |
| સુરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૫૦ | ૬૧૦ |
| રીંગણા | ૧૧૦ | ૨૨૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૩૦ |
| ફ્લાવર | ૧૮૦ | ૩૩૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૭૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૬૦ | ૨૪૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૬૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| તુવેરસીંગ | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૬૦ | ૪૦૦ |
| મેથી | ૨૧૦ | ૩૨૦ |
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૫૫૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૨૦૦ | ૩૫૫૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૩૦ |
| ગિરનાર શીંગ | ૮૬૦ | ૧૩૫૦ |
| શિંગ મોટી | ૮૨૦ | ૧૨૫૦ |
| શિંગ ફાડા | ૯૧૦ | ૧૧૭૦ |
| તલસફેદ | ૧૪૫૦ | ૨૮૯૫ |
| તલકાળા | ૩૯૪૦ | ૫૦૦૦ |
| તલ કશ્મીરી | ૩૧૫૫ | ૩૨૯૧ |
| બાજરો | ૫૬૧ | ૬૭૦ |
| જુવાર | ૫૪૦ | ૭૪૮ |
| ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૫૩ |
| ઘઉં લોકવન | ૫૭૨ | ૬૧૮ |
| મકાઈ | ૬૩૨ | ૬૩૨ |
| અડદ | ૮૦૦ | ૧૬૫૦ |
| ચણા | ૮૬૦ | ૧૩૦૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૭૦૦ |
| કપાસ | ૯૦૦ | ૧૪૬૫ |
| એરંડા | ૧૧૬૯ | ૧૧૯૧ |
| જીરૂ | ૧૬૫૦ | ૪૫૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૩૮ |
| મેથી | ૧૦૧૮ | ૧૦૮૬ |
| સોયાબીન | ૫૩૦ | ૮૨૯ |
| રજકાનું બી | ૪૭૦૦ | ૪૯૦૦ |
| મરચાલાંબા | ૪૮૦ | ૨૬૦૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૮૦ | ૫૬૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીઝ | ૨૨૦ | ૪૦૦ |
| શક્કરિયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૫૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૨૦ | ૩૫૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૨૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૮૨૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચોળાલીલાં | ૪૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૨૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૬૦ | ૭૦૦ |
| તુવેર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૧૦ | ૮૫૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૭૮૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૫૦ | ૮૫૦ |
| વાલ | ૬૨૦ | ૭૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૮૦૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૪૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૮૫૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૫૧૦ |
| લસણ લીલું | ૨૨૦૦ | ૩૦૦૦ |
| લસણ સુકુ | ૪૦૦૦ | ૬૧૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૨૦ | ૮૦૦ |
| પાલક | ૩૦૦ | ૫૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૫૮ |
| મગ | ૧૨૦૦ | ૧૫૩૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૬૦ |
| ચોળી | ૨૫૦૦ | ૨૯૭૫ |
| ચણા | ૮૦૦ | ૧૨૫૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૩૫૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૦૩૫ | ૧૧૯૩ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૮૫ |
| લસણ | ૧૦૦૦ | ૩૪૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૭૦ |
| અજમો | ૧૫૦૦ | ૩૮૮૫ |
| ધાણા | ૭૦૦ | ૧૫૩૦ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૩૫૦ |
| મરચા સૂકા | ૬૦૦ | ૩૦૫૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૫ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૬૦૮ | ૮૧૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૯૫૧ | ૧૨૦૬ |
| જીરૂ | ૩૭૫૧ | ૪૭૫૧ |
| ક્લંજી | ૧૮૦૧ | ૩૬૩૧ |
| વરીયાળી | ૧૨૦૧ | ૧૩૪૧ |
| ધાણા | ૮૫૧ | ૧૮૨૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૭૩૧ |
| મઠ | ૬૩૧ | ૮૭૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૩૮૧ |
| રાજગરો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાયડો | ૧૦૮૧ | ૧૦૮૧ |
| રાય | ૧૧૬૧ | ૧૧૬૧ |
| મેથી | ૯૨૧ | ૧૧૭૧ |
| કાંગ | ૭૦૧ | ૧૧૩૧ |
| મરચા | ૫૧ | ૩૨૦૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૫૫૧ |
| તલ - તલી | ૧૭૫૧ | ૨૮૦૧ |
| ઇસબગુલ | ૨૧૫૧ | ૨૧૫૧ |
| ધાણી | ૯૫૧ | ૧૭૬૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૪૧૬ |
| બાજરો | ૩૫૧ | ૫૫૧ |
| જુવાર | ૭૯૧ | ૭૯૧ |
| મગ | ૧૦૦૦ | ૧૭૪૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૩૨૧ |
| વાલ | ૬૦૧ | ૧૩૦૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૨૦૯૧ |
| સોયાબીન | ૬૮૧ | ૮૧૬ |
| અરીઠા | ૧૫૧ | ૧૫૧ |
| ગોગળી | ૮૦૧ | ૮૭૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૪૮૫ |
| કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૪૦ |
| મગફળી ૨૦ નં. | ૧૦૬૮ | ૧૧૬૨ |
| મગફળી બી.ટી. | ૯૬૨ | ૧૦૫૮ |
| અડદ | ૧૧૯૦ | ૧૨૧૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૦૦ |
| તલ સફેદ | ૨૦૬૦ | ૨૨૯૦ |
| જીરૂ | ૩૯૮૫ | ૪૩૫૫ |
| સોયાબીન | ૭૭૫ | ૮૦૫ |
| ચણા | ૧૧૭૦ | ૧૨૩૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૬૧ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૬૦ |
| શીંગ ગીરનાર | ૧૨૦૦ | ૧૩૯૬ |
| તલ સફેદ | ૨૧૧૭ | ૨૪૭૦ |
| જીરૂ | ૩૬૨૫ | ૪૨૫૦ |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૫૩ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૭૫ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૭૧ |
| બાજરો | ૫૧૧ | --- |
| જુવાર | ૫૧૧ | ૮૨૦ |
| અડદ | ૭૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૭૦૦ |
| એરંડા | ૧૫૦૦ | ૧૮૪૨ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૭૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૮૧ |
| ચણા | ૮૫૧ | ૧૩૩૬ |
| અડદ | ૧૦૫૧ | ૧૫૮૧ |
| મગફળી | ૭૦૧ | ૧૧૧૬ |
| શિગફાડા | ૯૦૧ | ૧૦૯૬ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૧૯૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૫૨ |
| મગફળી | ૮૦૨ | ૧૦૫૦ |
| જુવાર સફેદ | ૬૯૫ | ૬૯૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૬૧ |
| મગ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૧૧ | ૧૧૫૬ |
| મગફળી ૩૨ નં. | ૯૪૦ | ૧૦૪૭ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૬૦૦ |
| ઘઉં | ૫૩૦ | ૬૫૨ |
| જુવાર | ૫૫૦ | ૭૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૪૩ |
| ચણા | ૧૦૭૦ | ૧૨૬૨ |
| સફેદ તલ | ૨૦૬૦ | ૨૪૯૨ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૨ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૩૦ |
| **લીલીયામોટા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૫૯ |
| કપાસ સી ગ્રેડ | ૭૯૫ | ૮૯૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૧ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૭૦ |
| કપાસ | ૧૩૦૧ | ૧૪૫૧ |
| બાજરો | ૪૭૧ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૫૧૬ | ૬૬૬ |
| જુવાર | ૬૦૫ | ૮૫૦ |
| મગ | ૧૫૦૦ | ૧૭૬૬ |
| મઠ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| અડદ | ૧૨૫૦ | ૧૭૦૧ |
| તુવેર | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ચણા | ૯૮૧ | ૧૨૭૧ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૩૫૧ |
| એરંડી | ૯૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૧૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૧૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૩ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૧ |
| મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૫૫૦ | ૭૭૨ |
| મગફળી | ૭૧૦ | ૯૧૭ |
| ચણા | ૯૯૦ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૧૭૬૫ | ૨૩૫૦ |
| ધાણા | ૧૩૭૦ | ૧૪૧૬ |
| મેથી | ૧૦૦૫ | ૧૦૦૫ |
| અડદ | ૯૧૫ | ૧૪૧૬ |
| શીંગદાણા | ૧૦૯૦ | ૧૧૨૨ |
| લસણ | ૩૧૦૫ | ૩૧૦૫ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૨૦ | ૧૧૯૦ |
| શીંગ ૩૨ | ૯૨૦ | ૧૦૪૨ |
| શીંગ ૩૯ | ૯૩૦ | ૧૧૨૬ |
| શીંગ જી-૨૦ | ૯૮૦ | ૧૧૫૦ |
| જુવાર | ૩૫૧ | ૯૩૦ |
| બાજરી | ૪૪૨ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૫૩૬ | ૬૨૩ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| અડદ | ૮૦૧ | ૧૬૦૦ |
| મગ | ૧૧૦૦ | ૧૬૫૦ |
| મગ દેશી | ૧૫૦૦ | ૨૩૭૫ |
| સોયાબીન | ૭૧૧ | ૮૧૩ |
| ચણા | ૧૨૩૪ | ૧૨૩૪ |
| તલ સફેદ | ૧૮૭૫ | ૨૪૩૨ |
| તલ પુરબીયા | ૩૦૦૧ | ૩૦૯૯ |
| અજમા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| જીરૂ | ૫૯૦ | ૪૩૭૦ |
| ડુંગળી લાલ | ૧૩૨ | ૭૦૭ |
| ડુંગળી સફેદ | ૨૦૫ | ૪૩૫ |
| કપાસ શંકર | ૧૨૮૦ | ૧૪૩૦ |
| નાળીયેર | ૫૦૦ | ૨૧૯૨ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૨૧ | ૧૪૨૬ |
| મગફળી | ૭૫૦ | ૯૬૬ |
| ઘઉં | ૫૬૧ | ૫૭૦ |
| ચણા | ૧૦૫૨ | ૧૨૫૫ |
| અડદ | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ધાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૧૦૪૦ | ૧૦૪૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૯૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજકોટમાં શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ કરાયું

રાજકોટ, તા.૧૯

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ ચેરમેન નરેશભાઈ પટેલનાં માર્ગદર્શન અને પીઆઈ સંજય પાદરીયાની રાહબરી હેઠળ શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા માનવતાના ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપ પ્રેરણાદાયક કામગીરી હાથ ધરવામાં આવી છે. શિયાળાની ઠંડીમાં જરૂરિયાતમંદ પરિવારોને સહાયતા કરવા રાજકોટના વિવિધ વિસ્તારોમાં ૧૮ ડિસેમ્બરના રોજ ધાબળા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. શ્રી ખોડલધામ યુવા સમિતિના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, "ગરીબોને સહાયતા આપીને તેમને ઠંડીથી રક્ષણ કરવું એ અમારી પ્રાથમિકતા છે. આ કાર્યમાં લોકોના સહકારથી વધુ જરૂરિયાતમંદોને મદદ પહોંચાડવાનું લક્ષ્ય છે." આ પ્રસંગે રાજકોટવાસીઓએ પણ આ કાર્યને બિરદાવ્યું અને સમિતિના આ કાર્યની પ્રશંસા કરી હતી. આ પ્રકારની સેવાકીય કાર્યોની હારમાળા સમગ્ર ગુજરાતમાં શરુ કરાશે.



# મોરબીમાં સંસ્કૃતભારતીના સૌરાષ્ટ્ર પ્રાંતના કાર્યકર્તાઓનું સંમેલન યોજાશે

મોરબી, તા.૧૯

મોરબીમાં ૨૮, ૨૯ ડિસેમ્બરે સંસ્કૃતભારતી સંસ્થાના સૌરાષ્ટ્ર પ્રાંતના કાર્યકર્તાઓનું સંમેલન યોજાશે. સંસ્કૃતભારતી એ બિનનફાકીય સંગઠન છે, જે વિશ્વના ૩૮ દેશોમાં સંસ્કૃત ભાષાનો નિશુલ્ક પ્રચાર-પ્રસાર કરે છે. સંસ્થાના કાર્યકર્તાઓ સંસ્કૃતને જન વ્યવહારની ભાષા બનાવવા માટે સતત પ્રયત્નરત છે. સૌરાષ્ટ્ર પ્રાંતના ૧૫ જિલ્લાઓમાંથી આવા ૪૦૦થી વધારે કાર્યકર્તાઓનું દ્વિતીય પ્રાંતીય સંમેલન મોરબીમાં ટી.ડી. પટેલ સંચાલિત શ્રી ઓમ શાંતિ વિદ્યા સંકુલ ખાતે યોજાશે. કાર્યકર્તાઓ બે દિવસ સંસ્કૃત ભાષાના સંવર્ધન હેતુ વિચાર-વિમર્શ કરશે. જેમાં વિજ્ઞાન પ્રદર્શની, વસ્તુ પ્રદર્શની, શાસ્ત્ર પ્રદર્શની, સંસ્કૃત ભારતીના કાર્યકર્તાઓ દ્વારા થયેલ કાર્ય પ્રદર્શની, યજ્ઞશાલા મંડપ, સંસ્કૃત ગૌરવ પરીક્ષા મંડપ, પત્રાચાર દ્વારા સંસ્કૃત મંડપ, સંભાષણ સંદેશ મંડપ, સંસ્કૃત ભાષામાં મોરબીમાં પ્રથમવાર યોજાનાર આ સંમેલનનું ધ્યાનાકર્ષણ રહેશે. આ ઉપરાંત સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.આ સંમેલનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસુરીયા, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મુળુભાઈ બેરા અને અનેક સાધુ-સંતો, કથાકારો ઉપસ્થિત રહેશે. આ સંમેલન માટે જૂનાગઢની દાનીરાયજી હવેલીના આચાર્ય પરમ પૂજ્ય વ્રજેન્દ્રકુમારજી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ અને સંસ્કૃતભારતી, સૌરાષ્ટ્ર પ્રાંતના ઉપાધ્યક્ષ ચેતનભાઈ ત્રિવેદી, શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ અને સંસ્કૃત ભારતી, સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ સુકાન્તકુમાર સેનાપતિજી, અન્ય સંસ્કૃત પ્રેમી સંસ્થાઓ અને વ્યક્તિઓ મદદ કરી રહ્યા છે.

# ઉના દેલવાડા રોડ ગાયત્રી સ્કૂલ હોસ્ટેલ પાછળ સિંહ આવી ચડ્યો

ઉના,તા.૧૯



તસવીર : કૈલેશ ભટ્ટ

ઊનાનાં દેલવાડા રોડ ઉપર આવેલ ગાયત્રી સ્કૂલ હોસ્ટેલ પાછળ ગીર જંગલનો રાજા સિંહ આવી ચડતાં ભયનું વાતાવરણ ફેલાયું છે. છેલ્લા આઠ દિવસથી ઊના શહેરનાં દેલવાડા રોડ પર સિંહના આંટાફેરા બાગાયતી રેવન્યુ જમીનમાં જોવાં મળી રહ્યા છે. બે વખત સિંહે શિકાર કર્યાની ઘટના સામે આવ્યા બાદ ફરી વખત શાળાની પાછળના ભાગે હોસ્ટેલ નજીક સિંહ દેખાતાં બાળકોમાં પણ ગભરાટ વ્યાપી ગયો હતો.

# રાજકોટમાં એગ્રીવર્લ્ડ એક્સ્પો ૨૦૨૪: દેશની ખેતીક્ષેત્રની ઉપલબ્ધિઓ દર્શાવતું અનેરૂ પ્રદર્શન

રાજકોટ,તા.૧૯

રાજકોટના શાસ્ત્રી મેદાનમાં ત્રીજા "એગ્રીવર્લ્ડ એક્સ્પો ૨૦૨૪"નું આયોજન કરવામાં આવી રહ્યું છે. તારીખ ૨૦, ૨૧ અને ૨૨ ડિસેમ્બર દરમિયાન યોજાનારા આ ભવ્ય પ્રદર્શન મહોત્સવમાં દેશભરમાંથી ખેડૂતો, વિતરકો અને વિવિધ પ્રકારના ઉદ્યોગકારોને ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આ એક્સ્પોની વિશેષતાઓમાં **B2B** (બિઝનેસ ટુ બિઝનેસ) અને **B2C** (બિઝનેસ ટુ કન્સ્યુમર) માટે વિશેષ છે, જ્યાં ખેડૂતો, ડીલર્સ અને ગ્રાહકોને નવીન ટેક્નોલોજી અને ઉત્પાદનો સાથે સીધા જોડાવાનું મંચ મળશે તથા વિશાળ ઉપકરણો અને સેવાઓનું પ્રદર્શન પણ યોજાશે. પાક સુરક્ષા અને પોષણ, ઓર્ગેનિક પ્રોડક્ટ્સ, પશુપાલન અને ખેતી માટે નવીન ટેક્નોલોજીના પ્રતિનિધિત્વ વાળી વિવિધ નવીનતમ ટેક્નોલોજી અહીં જોવા મળશે. આ એક્સ્પોમાં નિઃશુલ્ક પ્રવેશ મળશે. પ્રદર્શનને બધા માટે ખુલ્લું રાખવામાં આવ્યું છે, જેથી વધુ લોકો ખેડૂત કલ્યાણ માટે જાગૃત થઈ શકે. દરરોજ ભાગ લેનાર તમામ લોકો માટે લકી ડ્રોનું આયોજન કરાયું છે, જેમાં વિશેષ આકર્ષક ગિફ્ટ્સ વિતરણ કરવામાં આવશે. જરૂર છે કે, ખેડૂતો આ એક્સ્પોમાંથી મહત્તમ લાભ ઉઠાવી શકે. શાસ્ત્રી મેદાનમાં યોજાનાર આ એક્સ્પો કૃષિ ક્ષેત્રમાં નવી દિશાઓનું પ્રવેશદ્વાર સાબિત થશે. કૃષિ પ્રદર્શન એગ્રી વર્ડ એક્સ્પોની વધુ વિગત માટે સંપર્ક કરો : ૯૮૯૮૧૭૬૭૫૯, ૯૨૫૨૪૮૮૩૦.

# અંબુજા ફાઉન્ડેશન દ્વારા આયોજીત નેત્ર નિદાન કેમ્પ



કોડીનાર, તા.૧૯

અંબુજા ફાઉન્ડેશન અને સુદર્શન નેત્રાલયના સંયુક્ત ઉપક્રમે આયોજિત નેત્ર નિદાન કેમ્પમાં કોડીનાર, સુત્રાપાડા અને વેરાવળ તાલુકાના ૩૭૮ જેટલા દર્દીઓને નિષ્ણાત ડોક્ટર અને ટીમ દ્વારા તપાસ કરી જરૂરી સારવાર પણ આપવામાં આવી હતી. તેમાં ૮૦ જેટલા દર્દીઓને મોતિયાના નિશુલ્ક ઓપરેશન માટે સુદર્શન નેત્રાલય અમરેલી ખાતે મોકલવા આવ્યા હતા.

# સુખ અને સમૃદ્ધિના સૂત્ર સાથે સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજનો ૯૦મો થર્સ ડે થોટ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૯

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા દર ગુરુવારે યોજાતા થર્સડે થોટ કાર્યક્રમમાં આ વખતે આરોગ્ય, સમૃદ્ધિ અને સુખાકારીને કેન્દ્રમાં રાખી વિચારોનું વાવેતર કરવામાં આવ્યું હતું. તા. ૧૯મી ડિસેમ્બરના રોજ યોજાયેલા ૯૦મા થર્સડે થોટ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે કાનજીભાઈ ભાલાળાએ ખુશ રહેવા માટે પાંચ મુદ્દાઓનું સૂત્ર આપ્યું હતું જેમાં શરીરને સાંભળવું, વર્તમાનમાં રહેવું, ચેતના સાથે જોડાયેલા રહેવું, સ્વીકાર ભાવ અને ખુશી વહેંચવીનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં વિશેષ મહેમાન તરીકે વિમલ ગ્રુપ ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર નિલેશ લીંબાસીયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શિવાય જવેલ્સના ડાયરેક્ટર જયસુખભાઈ પોપટભાઈ સતાણી પરિવારે સુરતમાં નિર્માણાધીન જમનાબા વિદ્યાર્થી ભવન અને કિરણ મહિલા ભવન માટે રૂ. ૨૧ લાખનું દાન આપવાની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમમાં સુરત ડાયમંડ એસોસિએશનના પૂર્વ પ્રમુખ અને દાતા ટ્રસ્ટી નાનુભાઈ વેકરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.



# વિજયબાપુ સામેના આક્ષેપો સામે સમગ્ર સમાજમાં રોષ : સા.કુંડલામાં આવેદનપત્ર પાઠવાયું

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના પૂ. કાનજી બાપુની જગ્યાના સતાધાર મહંત પૂ. વિજયબાપુ પર કરવામાં આવેલા પાયાવિહોણા આરોપો સામે સમગ્ર સમાજમાં રોષની જ્વાળા ફાટી નીકળી છે. આરોપોનો વિરોધ કરવા માટે સાવરકુંડલાના વિવિધ જ્ઞાતિ સમાજના લોકોએ સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં એકત્ર થઈને પ્રાંત અધિકારી અને ધારાસભ્યને આવેદનપત્ર પાઠવ્યું છે. ગત રાત્રે પૂ. કાનજી બાપુની જગ્યા ખાતે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. આ સભામાં ઠરાવ પાસ કરીને આજે બપોરે બે વાગ્યે કાનજીબાપુની જગ્યાએથી વિવિધ જ્ઞાતિ સમાજના પ્રતિનિધિઓ મોટરસાઈકલ દ્વારા સંપૂર્ણ શાંત અને લોકતાંત્રિક ઢબે પ્રાંત અધિકારી અને ધારાસભ્યની કચેરીએ પહોંચ્યા હતા. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, આવા મિથ્યા આરોપો કરનાર સામે કાયદાની મર્યાદામાં રહીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને સનાતન ધર્મને બદનામ કરવાના આ ષડયંત્રમાં સંડોવાયેલા લોકોને ખુલ્લા પાડવામાં આવે.



# ધોરાજી શહેરમાં ગેરકાયદેસર દબાણ હટાવવાની કામગીરી શરૂ

ધોરાજી, તા.૧૯

ધોરાજી શહેરમાં ખડકાયેલા ગેરકાયદેસર દબાણ હટાવવાની કામગીરી પ્રાંત અધિકારીનાં માર્ગદર્શન હેઠળ ચાલુ કરાઈ હતી. જેના ધોરાજી ચીફ ઑફિસર જયમલ મોઢવાડિયા, ભાવેશ ભટ્ટ, પોલીસ ઈન્સ્પેક્ટર આર.જે. ગોધમ સહિત પોલીસ બંદોબસ્ત વચ્ચે નગરપાલિકા હદ વિસ્તારનાં જૂનાગઢ રોડ પાસે ગેરકાયદેસર દબાણ કરવામાં આવેલ અંદાજે બે હજાર વાર જેટલી જમીન અંદાજીત રૂ.૩૦,૦૦,૦૦૦/- ની કિંમતની જમીન ખુલ્લી કરાઈ અને દબાણો હટાવાયા હતા. ચીફ ઓફિસર મોઢવાડીયાએ જણાવેલ કે ધોરાજી શહેરમાં હજુ ગેરકાયદેસર દબાણ હટાવવા અંગેની કામગીરી ચાલુ જ રહેશે.



# અમરેલી જિલ્લામાં નગરપાલિકા-તાલુકા પંચાયતની ચૂંટણી અને પેટાચૂંટણીની તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ

**મતદાર યાદીમાં તા.૦૭ જાન્યુઆરી સુધી સુધારા થઈ શકશે**

અમરેલી, તા.૧૯

આગામી સમયમાં લાઠી, ચલાલા, રાજુલા તથા જાફરાબાદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા અમરેલી, દામનગર તથા સાવરકુંડલા નગરપાલિકાની પેટાચૂંટણી અને બગસરા તાલુકા પંચાયતની ૧૬-જૂના વાઘણીયા, બાબરા તાલુકા પંચાયતની ૧૦-કરિયાણા તથા ધારી તાલુકા પંચાયતની ૧૪-મીઠાપુર ડુંગરી બેઠકોની પેટાચૂંટણીઓ યોજાશે. આ ચૂંટણી માટે વિધાનસભાની પ્રસિધ્ધ થયેલી મતદાર યાદી પ્રમાણે સુધારાવધારા ૮ જાન્યુ. ૨૦૨૫ સુધીમાં મામલતદાર કચેરી ખાતે થઈ શકશે તેમ તંત્રની અખબારી યાદીમાં જણાવાયું છે.

# દીકરાના લગ્ન પ્રસંગે સાવલીયા પરિવારે સૈનિકોના પરિવાર માટે રૂ. ૫૧૦૦૦ આપ્યા

સુરત, તા.૧૯



શુભપ્રસંગોએ રાષ્ટ્રીય ભાવ સાથે રાષ્ટ્રગીતનું ગાન અને વીર જવાનોના પરિવારો માટે આર્થિક સહયોગ આપવાની પરંપરા સુરતમાં શરૂ થઈ છે. બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા કાંતિભાઈ નાનજીભાઈ સાવલીયાના દીકરા નિખીલના લગ્ન પ્રસંગે સાવલીયા પરિવાર તરફથી વીર જવાનોના પરિવારો માટે રૂ. ૫૧,૦૦૦ નું દાન જય જવાન નાગરિક સમિતિને અર્પણ કરવામાં આવ્યું હતું. શહેરની જાણીતી શાળા પ્રેસિડન્સી સ્કૂલ તરફથી વીર જવાનોના પરિવાર માટે જય જવાન નાગરિક સમિતિ સુરતના ટ્રસ્ટી કાનજીભાઈ ભાલાળાને રૂ. ૫૧૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

# ઉના તાલુકાના સનખડા ગામનું ગૌરવ: છ યુવાનો અર્ધસૈનિક દળમાં જોડાશે

ઉના , તા.૧૯

ઉના તાલુકાના સનખડા ગામનું નામ હવે રાષ્ટ્રસેવાના કારણે દેશભરમાં પ્રખ્યાત થયું છે. આ ગામમાંથી એક જ પરિવારના બે ભાઈ-બહેન સહિત કુલ છ યુવાનોની અર્ધસૈનિક દળમાં પસંદગી થઈ છે. આ યુવાનો દેશની સરહદોની રક્ષા કરવા માટે ઉત્સુક છે અને તેમના આ નિર્ણયથી સમગ્ર ગામમાં ખુશીનો માહોલ છે. તાજેતરમાં લેવાયેલ **SSC-GD**ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને વિરભદ્રસિંહ લખુભા ગોહિલ, ચીરાગસિંહ લખનસિંહ સોલંકી, ભાવેશભાઈ સરમણભાઈ રબારી, રાજેશ નાનજીભાઈ ગોહિલ, કાજલબેન સરમણભાઈ રબારી અને શહેનાઝ ઈબ્રાહિમભાઈ મન્સુરી સહિત છ યુવાનોની અર્ધસૈનિક દળમાં પસંદગી થઈ છે. આમાંથી વિરભદ્રસિંહ અને ચીરાગસિંહ એક જ પરિવારના છે. આ યુવાનો ટૂંક સમયમાં જ દેશની સરહદોની રક્ષા માટે સેવા આપશે. સનખડા ગામમાંથી એક સાથે આટલા યુવાનો અર્ધસૈનિક દળમાં જોડાતાં ગામમાં ઉત્સાહનો માહોલ છે. આ યુવાનોને ગામના લોકો અને સમાજના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા છે.




-//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૮૯/૨૦૨૪

અરજદાર :- શ્રી તુલસીભાઈ કેશવભાઈ દેસાઈ
રહે. પીઠવાજાળ તા. જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. પીઠવાજાળ, તા.જિ.અમરેલી.

::જાહેર નોટીસ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામના તુલસીભાઈ કેશવભાઈ દેસાઈ તેઓના પુત્ર મહેશભાઈ તુલસીભાઈ દેસાઈની જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૪/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા
રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૫૦/૨૦૨૪ તા.૧૨/૧૨/૨૦૨૪

અરજદારશ્રી: ૧. ચંપાબેન મનુભાઈ વઘાસીયા
રહે. મુ.સુરજવડી તા.સાવરકુંડલા જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી મીતીયાળા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ભરતકુમાર મનુભાઈ વઘાસીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૬ ના રોજ મુ.કૃષ્ણગઢ-મીતીયાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.


વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

# ‘લાડકી બહેન’ સહિતની તમામ યોજનાઓ ચાલુ રાખવાની ફડણવીસની જાહેરાત

મુંબઈ,તા.૧૯



મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર ચાલુ છે. આ દરમિયાન મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં ‘લડકી બહેન‘ યોજનાને લઈને મહત્વપૂર્ણ માહિતી આપી છે. તેમણે વિધાનસભામાં કહ્યું કે ‘લાડકી બહિન‘ સહિતની તમામ ચાલુ યોજનાઓ ચાલુ રહેશે. તેમજ લાડકી બહિંન યોજના હેઠળ મહિલાઓ માટે ડિસેમ્બરની સહાયની રકમ મહિનાના અંત સુધીમાં જમા કરવામાં આવશે. આ સાથે તેમણે વિધાનસભામાં પોતાના સંબોધન દરમિયાન વિપક્ષ પર પણ જોરદાર નિશાન સાધ્યું હતું. ફડણવીસે કહ્યું કે અમે રાજ્યની ચૂંટણી દરમિયાન લોકસભાના પ્રચારના વિપક્ષના બનાવટી નિવેદનનો નાશ કર્યો. રાજ્યમાં મહાયુતિની જીતથી સ્પષ્ટ થઈ ગયું છે કે વિપક્ષ પાસે હવે કંઈ કરવાનું નથી. મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર નાગપુરમાં ચાલુ છે, પરંતુ વિરોધ પક્ષોના નેતાઓ છેલ્લા ત્રણ દિવસથી વિરોધ કરી રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ડૉ. બી.આર. આંબેડકર અંગેની ટિપ્પણી બાદ વિપક્ષી નેતાઓનો વિરોધ ઉગ્ર બન્યો હતો. તેમણે અમિત શાહના નિવેદનને બંધારણના નિર્માતાનું અપમાન ગણાવ્યું હતું. વિપક્ષે કહ્યું કે દેશ બંધારણના નિર્માતાનું અપમાન સહન નહીં કરે. વિરોધ પક્ષ મહાવિકાસ આઘાડીના નેતાઓએ ગુરુવારે નાગપુરના સંવિધાન ચોકથી વાદળી કેપ અને સ્ટોલ્સ પહેરીને કૂચ કરી હતી. વિધાન પરિષદના પરિસરમાં પહોંચ્યા બાદ જ તેઓએ હિન્દુસ્તાન બાબાસાહેબનું અપમાન સહન નહીં કરે તેવા નારા પણ લગાવ્યા હતા.

# ભારત અને ચીન વચ્ચે સરહદ મુદ્દે મહત્વની બેઠક: ૬ મુદ્દા પર સમજૂતી

(એચ.એસ.એલ),બીજીંગ,તા.૧૯



ભારત અને ચીન વચ્ચે સરહદ પર લાંબા સમયથી ચાલી રહેલો તણાવ હવે ઓછો થતો જોવા મળી રહ્યો છે. ચીન-ભારત સરહદ પ્રશ્ન પર વિશેષ પ્રતિનિધિઓની ૨૩મી બેઠક બુધવારે બેઈજિંગમાં યોજાઈ હતી. છેલ્લા ૫ વર્ષમાં બંને દેશો વચ્ચે આ પહેલી મુલાકાત હતી. આ બેઠકમાં ભારત તરફથી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને ચીન તરફથી વિદેશ મંત્રી વાંગ યીએ હાજરી આપી હતી. બંને નેતાઓએ ચીન-ભારત સરહદ મુદ્દે સકારાત્મક અને રચનાત્મક રીતે નક્કર ચર્ચા કરી અને છ સહમતી પર પહોંચ્યા હતા.

મિટિંગમાં, બંને પક્ષોએ સરહદ મુદ્દાઓ પર બંને દેશો વચ્ચે પહોંચેલા સમાધાનનું મૂલ્યાંકન કર્યું અને પુનરોચ્ચાર કર્યો કે આ ક્ષેત્રમાં કામ ચાલુ રાખવું જોઈએ. બંને દેશો એ વાત પર સહમત થયા કે સરહદી મુદ્દાને દ્વિપક્ષીય સંબંધોની સ્થિતિથી યોગ્ય રીતે હેન્ડલ કરવામાં આવે જેથી વિકાસને અસર ન થાય. બંને દેશો સરહદી વિસ્તારોમાં શાંતિ જાળવી રાખવા અને દ્વિપક્ષીય સંબંધોના સ્વસ્થ અને સ્થિર વિકાસને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવાનું ચાલુ રાખવા સંમત થયા હતા.

# આંબેડકર અપમાન મુદ્દે કેન્દ્રને ટેકો પરત ખેંચવા નાયડુ- નિતીશને કેજરીવાલનો પત્ર

નવીદિલ્હી,તા.૧૯

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે જદયુ પ્રમુખ અને ટીડીપી પ્રમુખ ચંદ્રબાબુ નાયડુને પત્ર લખ્યો છે. કેજરીવાલે પત્રમાં કહ્યું કે બાબાસાહેબ આંબેડકર કોઈ નેતા નથી પરંતુ આ દેશનો આત્મા છે. જે લોકો બાબાસાહેબને ચાહે છે તેઓ ભાજપને સમર્થન આપી શકતા નથી. અરવિંદ કેજરીવાલે પત્રમાં લખ્યું, ‘આદરણીય નીતિશ કુમાર, હું તમને આ પત્ર એક ખૂબ જ મહત્વપૂર્ણ વિષય પર લખી રહ્યો છું, જે ફક્ત આપણા બંધારણ સાથે જ નહીં પરંતુ બાબાસાહેબ આંબેડકરની પ્રતિષ્ઠા સાથે પણ સંબંધિત છે. તાજેતરમાં જ દેશના ગૃહમંત્રી અમિત શાહે સંસદમાં બાબાસાહેબના નામે કરેલી ટીપ્પણીએ સમગ્ર દેશને ચોંકાવી દીધો છે. તેમનું નિવેદન કે ‘‘આજકાલ આંબેડકર - આંબેડકર બોલવાની ફેશન બની ગઈ છે’’ એ માત્ર અપમાનજનક જ નથી પરંતુ બાબાસાહેબ અને આપણા બંધારણ પ્રત્યેના ભાજપના વલણને પણ છતું કરે છે.

# અમિત શાહે રાજીનામું આપી, રાજનીતિ છોડી દેવી જોઈએ : લાલુ પ્રસાદ યાદવ

(એચ.એસ.એલ),પટણા,તા.૧૯





રાષ્ટ્રીય જનતા દળના સુપ્રીમો લાલુ પ્રસાદે બાબાસાહેબ આંબેડકર વિશેની ટિપ્પણી પર કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પર પ્રહાર કરતા કહ્યું કે તેમણે કેબિનેટમાંથી રાજીનામું આપવું જોઈએ અને રાજનીતિ છોડી દેવી જોઈએ. બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન, આ અઠવાડિયાની શરૂઆતમાં રાજ્યસભામાં શાહના ભાષણ પરના વિવાદ અંગે પત્રકારોના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. તેમણે કહ્યું, ‘‘અમિત શાહ પાગલ થઈ ગયા છે. તેઓ આપણા આદરણીય બાબાસાહેબ પ્રત્યે નફરતથી ભરેલા છે. હું તેની સખત નિંદા કરું છું. પૂછવામાં આવ્યું કે શું તેઓ પણ શાહના રાજીનામાની માગણીના પક્ષમાં છે, પ્રસાદે કહ્યું, શાહને કેબિનેટમાંથી કાઢી નાખવા જોઈએ. તેમણે રાજીનામું આપવું જોઈએ. આટલું જ નહીં, તેમણે રાજનીતિ છોડી દેવી જોઈએ જ્યારે કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રાજ્યસભામાં ‘ભારતના બંધારણની ૭૫ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રા‘નો મુદ્દો ઉઠાવ્યો હતો બે દિવસ સુધી ચાલેલી ચર્ચામાં મંગળવારે તેણે બાબાસાહેબનું અપમાન કર્યું હતું.

# વન નેશન, વન ઈલેક્શન બિલને લઈ જેપીસીની રચના કરાઈ


નવીદિલ્હી,તા.૧૯

વન નેશન, વન ઈલેક્શન બિલને લઈને સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવામાં આવી છે. ભાજપના સાંસદ પીપી ચૌધરીની અધ્યક્ષતામાં ૩૧ સભ્યોની સંયુક્ત સંસદ સમિતિની રચના કરવામાં આવી છે.

લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સાંસદ જેપીસીના સભ્ય હશે. જેપીસીના સભ્ય બનેલા લોકસભા સાંસદોમાં પ્રિયંકા ગાંધી, બાંસુરી સ્વરાજ, મનીષ તિવારી, કલ્યાણ બેનર્જીનો સમાવેશ થાય છે. મળતી માહિતી અનુસાર, કોંગ્રેસ તરફથી પ્રિયંકા ગાંધી વાડ્રા અને મનીષ તિવારી, એનસીપી તરફથી સુપ્રિયા સુલે, ટીએમસી તરફથી કલ્યાણ બેનર્જી અને ભાજપ તરફથી પીપી ચૌધરી, બાંસુરી સ્વરાજ અને અનુરાગ સિંહ ઠાકુરને જેપીસીમાં સામેલ કરવામાં આવ્યા છે.

# એક જ વર્ષમાં ઉજ્જૈન મહાકાલ મંદિરમાં ૧૬૫ કરોડ રૂપિયાની આવક

(એચ.એસ.એલ),ઉજ્જૈન,તા.૧૯



ઉજ્જૈનમાં મહાકાલ લોકના નિર્માણ બાદ વિશ્વ પ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિરના ભંડારમાં સતત વધારો થઈ રહ્યો છે. અહીં આવતા ભક્તો મંદિરમાં મોટાપાયે દાન-પુણ્ય કરતા હોય છે. આ જ કારણ છે કે જાન્યુઆરી ૨૦૨૪ થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં શ્રી મહાકાલેશ્વર પ્રબંધન સમિતિને ૧૬૫ કરોડ ૮૨ લાખ ૫૪૦ રૂપિયાની આવક થઈ છે. માહિતી આપતાં શ્રી મહાકાલેશ્વર મંદિરના પ્રશાસક ગણેશ ધાકડે જણાવ્યું હતું કે ભક્તો મંદિરમાં અનેક રીતે દાન કરી શકે છે, પરંતુ મંદિરમાં રોકડ અર્પણ કરવાની સાથે ભક્તોએ લગભગ ૧ કિલો ૫૫૩ ગ્રામ ૧૯૦ મિલિગ્રામ સોનું અને ૩૯૯ કિલો ૧૩૦ ગ્રામનું દાન પણ કર્યું હતું. બાબા મહાકાલને ૧૪૦ મિલિગ્રામ ચાંદીની સામગ્રી અર્પણ કરવામાં આવી છે. આ સાથે અહીં આવતા ભક્તોએ બાબા મહાકાલને ચડાવવા માટે ૫૩ કરોડ ૫૦ લાખ ૧૪ હજાર ૫૫૨ રૂપિયાની કિંમતની લાડુની પ્રસાદી પણ ખરીદી છે.

# દુનિયામાં શાંતિની ફક્ત વાતો થાય છે, પરંતુ યુદ્ધો અટકતા નથી : આરએસએસના વડા મોહન ભાગવત


નવીદિલ્હી,તા.૧૯



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે ગુરુવારે કહ્યું હતું કે ભારતને તેના લઘુમતીઓના મુદ્દાઓ પર ધ્યાન આપવાની સલાહ આપવામાં આવે છે. પરંતુ હવે આપણે અન્ય દેશોમાં લઘુમતી સમુદાયોની સ્થિતિ જોઈ રહ્યા છીએ. હિંદુ સેવા મહોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં તેમણે કહ્યું હતું કે વિશ્વમાં શાંતિની વાતો થાય છે, પરંતુ યુદ્ધો અટકતા નથી. તેમણે એમ પણ કહ્યું કે ભારતમાં લઘુમતીઓ વિશે અમને સલાહ આપવામાં આવે છે, પરંતુ હવે અમે જોઈ રહ્યા છીએ કે અન્ય દેશોમાં લઘુમતી સમુદાયો કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આરએસએસના વડાએ પાડોશી દેશ બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય સામેની હિંસાનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. જો કે, તાજેતરના સપ્તાહોમાં શેખ હસીનાની સરકારની હકાલપટ્ટી બાદ તે દેશમાં હિન્દુઓની સ્થિતિ અંગે આરએસએસે ચિંતા વ્યક્ત કરી હતી. ભાગવતે કહ્યું, ‘માણસનો ધર્મ (માનવ ધર્મ) એ તમામ ધર્મોનું મૂળ છે, જે વિશ્વ ધર્મ છે અને તેને હિન્દુ ધર્મ પણ કહેવામાં આવે છે. જો કે, દુનિયા આ ધર્મને ભૂલી ગઈ છે, જેના કારણે આજે પર્યાવરણીય અને અન્ય સમસ્યાઓ ઉભી થઈ રહી છે.

# પાકિસ્તાનના મિસાઈલ કાર્યક્રમમાં સાથ આપનાર ચાર સંસ્થાઓ પર અમેરિકાએ પ્રતિબંધ લગાવ્યો

ઈસ્લામાબાદ,તા.૧૯



અમેરિકાએ પાકિસ્તાનના બેલેસ્ટિક મિસાઈલ પ્રોગ્રામને મોટો ઝટકો આપ્યો છે. અમેરિકાએ મિસાઈલ કાર્યક્રમમાં સહયોગ આપનારી ચાર સંસ્થાઓ પર પ્રતિબંધ લગાવ્યો છે. અમેરિકાએ કહ્યું છે કે તે પાકિસ્તાનના બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમને લગતા વધારાના પ્રતિબંધો લાદી રહ્યું છે, જેમાં ચાર સંસ્થાઓ સામેલ છે. અમેરિકાએ એમ પણ કહ્યું છે કે કાર્યવાહી આગળ પણ ચાલુ રહેશે. સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું કે અમેરિકાએ સતત પોતાની ચિંતા વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં, મિલરે કહ્યું કે અમેરિકા પાકિસ્તાનના બેલિસ્ટિક મિસાઈલ પ્રોગ્રામમાં યોગદાન આપતી ચાર સંસ્થાઓ પર પ્રતિબંધ લાદી રહ્યું છે. અમે અમારી ચિંતાઓ વિશે સ્પષ્ટ છીએ. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકાએ પ્રતિબંધો માટે ચાર સંસ્થાઓની ઓળખ કરી છે. આ સંગઠનો સામૂહિક વિનાશના શસ્ત્રો વધારવાના કામમાં લાગેલા છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી કુવૈતની બે દિવસીય મુલાકાતે

નવીદિલ્હી,તા.૧૯

ભારત અને કુવૈત પરંપરાગત રીતે સહિયારા ઈતિહાસ, મજબૂત વેપાર સંબંધો અને સાંસ્કૃતિક ભાગીદારીના આધારે મૈત્રીપૂર્ણ સંબંધોનો આનંદ માણે છે. આ વર્ષે, ૪૩ વર્ષ પછી ભારતીય વડાપ્રધાનની કુવૈતની પ્રથમ રાજ્ય મુલાકાત એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ સાબિત થઈ રહી છે, જે બંને દેશો વચ્ચે વધતા સહકારને દર્શાવે છે. વિદેશ મંત્રાલયે બુધવારે કહ્યું કે વડાપ્રધાન મોદી ૨૧-૨૨ ડિસેમ્બરે કુવૈતની મુલાકાત લેશે. ભારત અને કુવૈત વચ્ચેના સંબંધો પ્રાચીન સમયથી મજબૂત છે, જ્યારે કુવૈતની આર્થિક વ્યવસ્થા દરિયાઈ વેપાર પર આધારિત હતી. લાકડું, અનાજ, કપડાં અને મસાલાઓ ભારતથી વેપારી જહાજો દ્વારા કુવૈત મોકલવામાં આવતા હતા, જ્યારે ખજૂર, અરેબિયન ઘોડા અને મોતી કુવૈતથી ભારતમાં મોકલવામાં આવતા હતા.

# દેશમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ઉછાળો, સરકારી તિજોરી છલોછલ

અમદાવાદ,તા.૧૯



ચાલુ નાણાકીય વર્ષમાં દેશમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં નોંધપાત્ર વધારો થયો છે. સરકાર દ્વારા માહિતી મુજબ ૧૭ ડિસેમ્બર સુધીમાં નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન રૂ. ૧૫.૮૨ લાખ કરોડને પાર પહોંચ્યું છે, જે ગયા વર્ષની સરખામણીમાં ૧૬.૪૫%નો વધારો દર્શાવે છે. આ વધારો મુખ્યત્વે એડવાન્સ ટેક્સ કલેક્શનમાં ૨૧%ના વધારાને કારણે થયો છે. કોર્પોરેટ ટેક્સ રૂ. ૭.૪૨ લાખ કરોડ અને વ્યક્તિગત ટેક્સ રૂ. ૭.૯૭ લાખ કરોડને વટાવી ગયા છે. આ ઉપરાંત, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી) રૂ. ૪૦,૧૧૪ કરોડ એકત્રિત થયા છે. આ વધારો કોર્પોરેટ અને વ્યક્તિગત ટેક્સ સંગ્રહમાં સતત સુધારાને કારણે થયો છે. નાણાકીય નિષ્ણાતોનું માનવું છે કે, આ કલેક્શન માત્ર આવકના લક્ષ્યાંકો હાંસલ કરવામાં મદદ કરશે નહીં, પરંતુ મૂડી ખર્ચ અને માળખાકીય વિકાસ માટે પણ નાણાકીય સંસાધનો પ્રદાન કરશે.

# આર.અશ્વિનની નિવૃત્તિની જાહેરાતથી ફિલ્મી સિતારાઓ સહિત ચાહકો ભાવુક

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૯





ભારતના સૌથી સફળ સ્પિન બોલરોમાંના એક રવિચંદ્રન અશ્વિને બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની મધ્યમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા. તેણે મેચ પછીની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ સમાચારની જાહેરાત કરી. આ દરમિયાન અશ્વિનની સાથે કેપ્ટન રોહિત શર્મા પણ હાજર હતો. આ સમાચાર માત્ર તેના ચાહકો માટે જ નહીં પરંતુ બોલિવૂડની ઘણી હસ્તીઓ માટે પણ આઘાતજનક છે. આર અશ્વિનની નિવૃત્તિ પર પ્રતિક્રિયા આપતા, ઘણા લોકપ્રિય બી-ટાઉન સેલેબ્સ તેમના સંબંધિત સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર મહાન ભારતીય બોલરના નિર્ણય પર આશ્ચર્ય વ્યક્ત કરવા માટે આવ્યા હતા અને તેમને શુભેચ્છાઓ પણ આપી હતી. રણવીર સિંહ, ક્રિકેટર વિરાટ કોહલીની પત્ની અને અભિનેત્રી અનુષ્કા શર્માએ પણ રવિચંદ્રન પર પ્રતિક્રિયા આપી હતી. અશ્વિનની નિવૃત્તિ અને સમાચાર જાહેર થયા બાદ ડ્રેસિંગ રૂમમાંથી અશ્વિન, પતિ વિરાટ અને રોહિત શર્માનો વીડિયો શેર કર્યો હતો. અભિનેતા અર્જુન કપૂરે પણ સ્ટોરીઝ વિભાગમાં એક પોસ્ટ શેર કરી અને લખ્યું, એ માણસ માટે જેણે અમને ઉજવણી કરવા માટે ક્ષણો આપી, યાદ રાખવા માટે મેચ અને ગર્વ જે માપી શકાય નહીં. સાચા ગેમ-ચેન્જર બનવા બદલ અશ્વિનનો આભાર.

# ‘પીકે’ ફિલ્મ ઓસ્કારમાં મોકલવા માટે આમીર પર લોબિંગ કરવાનો આરોપ

મુંબઈ,તા.૧૯



મનોજ બાજપેયી પછી પ્રખ્યાત અભિનેતા અને હાસ્ય કલાકાર અમોલ પાલેકરે પણ ફિલ્મ ઉદ્યોગ પર તેમની ફિલ્મો ઓસ્કારમાં મોકલવા માટે લોબિંગ કરવાનો આરોપ લગાવ્યો છે. અમોલ પાલેકરને ૨૦૧૫ માં ભારતના ઓસ્કાર જ્યુરીના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જે એકેડેમી એવોર્ડ્સ માટે ભારતીય ફિલ્મોની પસંદગી માટે જવાબદાર છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં અમોલ પાલેકરને પૂછવામાં આવ્યું હતું કે શું તેમના પર ચૈતન્ય તમહાણેની ‘કોર્ટ‘ને બદલે તેમની ફિલ્મ પસંદ કરવા માટે કોઈ સુપરસ્ટાર દ્વારા દબાણ કરવામાં આવ્યું હતું, જે તે વર્ષે ઓસ્કર માટે ભારતની સત્તાવાર પસંદગી હતી. તેના પર અમોલ પાલેકરે મોટું નિવેદન આપીને બધાને ચોંકાવી દીધા હતા. અમોલ પાલેકરે ખુલાસો કર્યો હતો કે જ્યારે તેઓ જ્યુરીના સભ્ય હતા ત્યારે તેમને કોઈ મોટા સ્ટારની ફિલ્મ ઓસ્કારમાં મોકલવા માટે બોલિવૂડ લોબીના દબાણનો સામનો કરવો પડ્યો હતો. જ્યુરી પાસે ચૈતન્ય તમહાણેની ‘કોર્ટ‘ તેમની ફેવરિટ હતી, પરંતુ એક સુપરસ્ટારે તેમની ફિલ્મ પર વિચાર કરવા દબાણ કર્યું હતું. જો કે પાલેકર કે ઈન્ટરવ્યુ લેનારાએ કોઈ ફિલ્મ કે કોઈ સ્ટારનું નામ નથી લીધું.

# ચિંતાનો વિષય: દેશમાં માદક પદાર્થોના કેસમાં ગુજરાત ૧૦મા ક્રમે

અમદાવાદ,તા.૧૯

વર્ષ ૨૦૧૬માં એક હિન્દી ફિલ્મ આવી હતી ઉડતા પંજાબ. જેમાં નશીલા પદાર્થોની (Drugs) હેરાફેરી, ડ્રગ્સના રવાડે ચઢેલી યુવા પેઢીને બતાવવામાં આવી છે ત્યારે ગુજરાત પણ હવે ટોપ ૧૦ રાજ્યોમાં સામેલ થતાં ચિંતામાં વધારો થયો છે. રાજ્યમાં ઘણા વર્ષોથી કાયદો-વ્યવસ્થા ઉપર સખત ચાંપતી નજર રાખવામાં આવે છે તેવા દાવા કરવામાં આવ્યા છે. પરંતુ માદક પદાર્થોના વપરાશના કારણે કથળતી વ્યવસ્થા પર પોલીસ અધિકારીઓનું કૂણું વલણ દેખાઈ આવ્યું છે. ગુજરાત રાજ્યમાં પોલીસ, કોસ્ટલ ગાર્ડ્સ તેમજ વહીવટી તંત્ર પણ નશીલા પદાર્થોનો કારોબાર રોકવા ખડેપગે રહી છે. તો બીજી બાજુ નાર્કોટિક્સ ડ્રગ્સ અને



સાયકોટ્રોપિક પદાર્થોના નોંધાયેલા કેસોમાં દેશના ટોપ ૧૦ રાજ્યમાં ગુજરાત ૧૦મા નંબરે રહ્યું છે. છેલ્લા ૫ વર્ષમાં કેરળ પ્રથમ રહ્યું છે, જ્યાં ૫ વર્ષમાં ૫૫૨૫૧ કેસો નોંધાયા છે. બીજા ક્રમે મહારાષ્ટ્રમાં ૫૪૯૮૪ કેસો નોંધાયા છે. જ્યારે પંજાબમાં ૫૨૫૧૩ કેસો ત્રીજા નંબરે રહ્યું છે. ચોથા નંબરે ઉત્તર પ્રદેશ ૫૧૮૪૪ કેસો નોંધાયા છે. તમિલનાડુ ૩૦૬૮૬ કેસો સાથે પાંચમા ક્રમાંકે રહ્યું છે. ગુજરાતમાં ૨૦૧૮-૨૦૨૨ સુધી ૧૭૧૮ કેસ નોંધાયા છે.

# પીએમજેએવાય દેશવ્યાપી કૌભાંડનો પર્દાફાશ: ૬ આરોપીની ધરપકડ

અમદાવાદ,તા.૧૯

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં થઈ રહેલા બોગસ ઓપરેશનની ફરિયાદની તપાસમાં ક્રાઈમ બ્રાન્ચે વધુ એક મોટું કૌભાંડ પકડી પાડ્યું છે. હોસ્પિટલમાં પીએમજેએવાય યોજનાનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર રીતે આયુષ્યમાન કાર્ડ બનાવી આપવાનું કૌભાંડ ચાલી રહ્યું હતું. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે ૬




આરોપીઓની ધરપકડ કરી છે. કાર્ડ બનાવી આપનારા શખ્સોમાં નિમેષ ડોડિયા, મહંમદફઝલ શેખ, નરેન્દ્રસિંહ ગોહિલ, મોહંમદઅસ્પાક શેખ, ઈમ્તિયાઝ અને ઈમરાન જાબીર હુસૈનની પીએમજેએવાય યોજનાના કાર્ડ બનાવવાના કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે, હોસ્પિટલના અધિકારીઓ દર્દીઓ પાસેથી પૈસા લઈને માત્ર ૧૫ મિનિટમાં જ નકલી પીએમજેએવાય આયુષ્યમાન કાર્ડ બનાવી આપતા હતા. આ કાર્ડનો ઉપયોગ કરીને દર્દીઓને પીએમજેએવાય યોજનાનો લાભ અપાવવામાં આવતો હતો.

# રાજકોટમાં એકના બદલે બંને પગમાં ઓપરેશન કરી નખાતા પોલીસ ફરિયાદ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧૯

રાજકોટના નાગેશ્વર વિસ્તારમાં આવેલી યુનિકેર હોસ્પિટલના ડો. જીગીશ દોશી વિરૂદ્ધ બેદરકારી મામલે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે. સપના પટોડીયા નામની યુવતીએ ફરિયાદમાં જણાવ્યું કે, ડોક્ટરે તેના ડાબા પગની સાથે જમણા પગમાં ઓપરેશન કરી દીધું હતું. રાજકોટ શહેરમાં નાગેશ્વર વિસ્તારમાં આવેલી યુનિકેર હોસ્પિટલમાં દોઢ મહિના અગાઉ જૂનાગઢની સપના પટોડીયા નામની યુવતીનું એપ્રિલ ૨૦૨૪માં ડાબા પગમાં તકલીફ હોવાના કારણે તેના ડાબા પગના ઓપરેશનની સાથે તેના જમણા પગનું પણ ઓપરેશન કરવામાં આવ્યું હતું. જોકે, ઓપરેશનના દોઢ મહિના પછી દર્દીએ પોલીસ ફરિયાદ કરી હતી. હોસ્પિટલના એડમિન કાર્તિક શેઠે જણાવ્યું હતું કે, જે સમયે દર્દીનું ઓપરેશન કરાયું ત્યારે કોઈપણ પ્રકારની ફરિયાદ તેમના દ્વારા કરવામાં નહોતી આવી.

# દીવના પર્યટન સ્થળ પર દારૂ પીવા પર પ્રતિબંધ મુક્યો: નવા વર્ષની ઉજવણી પહેલા જાહેરનામુ બહાર પડ્યું

દીવ,તા.૧૯

પ્રવાસીઓ માટે સ્વર્ગ તરીકે ઓળખાતા કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રવાસન સ્થળો પર દારૂ પીવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. દીવ પ્રશાસને નશામાં ધૂત પ્રવાસીઓના નિયંત્રણ બહાર જવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. જિલ્લા કલેક્ટરના આદેશ મુજબ હવે પ્રવાસીઓ દીવના પ્રવાસન સ્થળો પર ટ્રાફિક જામ સર્જી શકશે નહીં. તેમજ તેઓ બોટલમાંથી દારૂ પી શકશે નહીં. કલેક્ટરના આદેશ બાદ તમામ પ્રવાસન સ્થળો પર આ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર રાહુલ દેવ બુરાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં



ઘોઘલા બીચ, નાગોઆ બીચ, દીવ જેઠીભાઈ બસ સ્ટેન્ડ, દીવ કિલ્લો, સેન્ટ પોલ ચર્ચ, જલંધર બીચ અને અન્ય જાહેર સ્થળોએ દારૂ પીવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. નોટિફિકેશન હાઈલાઈટ કરે છે કે ઘણા લોકો દારૂની દુકાનોમાંથી દારૂ ખરીદે છે અને નજીકમાં અથવા જાહેર વિસ્તારોમાં તેનું સેવન કરે છે, જેના કારણે કાચની બોટલો, દારૂના કન્ટેનર ખુલ્લામાં ફેંકી દેવામાં આવે છે.

# સુરતમાં ભાજપના ધારાસભ્ય અને મેયર વચ્ચે હિસાબને લઈને વિવાદ

સુરત,તા.૧૯

સુરતમાં ભાજપના ધારાસભ્ય અને મેયર વચ્ચે હિસાબ મુદ્દાને લઈને સંઘર્ષ જોવા મળ્યો. હિસાબી પત્ર મામલે સુરતના ધારાસભ્ય અરવિંદ રાણાએ પાલિકાની પોલ ખોલી છે. મેયરના હિસાબી પત્ર સામે ધારાસભ્ય અરવિંદ રાણાએ વધુ એક પત્ર લખ્યો છે. સવાલોની ભરમાર સાથે અરવિંદ રાણાનો વધુ એક પત્ર સામે આવતા ભાજપનો આંતરિક કલહ સપાટી



પર જોવા મળી રહ્યો છે. ધારાસભ્ય અરવિંદ રાણાએ મેયરના હિસાબી પત્રો સામે સવાલો ઉભા કરતા શહેરના રાજકારણમાં ફરી ગરમાવો આવ્યો છે.







# ભરુચ દુષ્કર્મ કેસમાં ઝારખંડ સરકારે ટીમ મોકલતા રાજનીતિ ગરમાઈ

(એચ.એસ.એલ),ભરૂચ,તા.૧૯

ભરુચમાં ૧૦ વર્ષની સગીરા સાથે એક નહીં બે-બે વખત દુષ્કર્મની ઘટના સામે આવ્યા બાદ ચકચાર મચી ગઈ છે. ભરૂચના ઝઘડિયા GIDCમાં આ બાળકી પર દુષ્કર્મ મુદ્દે હવે રાજનીતિ ગરમાઈ છે. ભોગ બનેલી બાળકીનો પરિવાર મૂળ ઝારખંડનો વતની છે. જેથી બાળકીના પરિવારને મળ્યા બાદ ઝારખંડના મહિલા મંત્રીએ સવાલો ઉઠાવ્યા છે. આ દુષ્કર્મની ઘટના બાદ ઝારખંડ સરકારે ત્રણ સભ્યોની ટીમ ગુજરાત મોકલી અને તેમણે પીડિત પરિવારની મુલાકાત લીધી. ઝારખંડ સરકારે મોકલેલી ટીમે વડોદરામાં પીડિતાની ચાલી રહેલી સારવાર અંગે સમીક્ષા કરી. આ પીડિતા મૂળ ઝારખંડની છે. જો કે, દુષ્કર્મી આરોપી પણ ઝારખંડનો જ છે. બાળકીને મળ્યા બાદ ઝારખંડના આ મહિલા પ્રધાને ગુજરાતમાં સુરક્ષા પર, આરોગ્ય સેવાઓ પર અને મજૂરીની સુવિધાઓ સામે સવાલો ઉઠાવ્યા છે. નોંધનીય છે કે બાળકી પર બળાત્કાર કરનાર આરોપી પણ મૂળ ઝારખંડનો જ વતની છે. જો કે આ મુદ્દે ઝારખંડના મહિલા મંત્રીએ જણાવ્યું હતું કે અપરાધ કરનારનો કોઈ ધર્મ, જાતિ કે રાજ્ય નથી હોતું. પરંતુ જો ગુજરાતમાં પ્રવાસી મજૂરો સાથે આવું કંઈ ઘટે તો તે જોવાની જવાબદારી ગુજરાત સરકારની છે. કોવિડ સમયે પણ ગુજરાતમાં ઝારખંડના લોકોને યોગ્ય સારવાર ન મળ્યાનો તેમણે આક્ષેપ લગાવ્યો હતો. ત્યારે બાળકીની સારવાર માટે સોરેન સરકારે ૪ લાખ રૂપિયાનો ચેક આપ્યો છે અને જો ગુજરાત બહાર સારી સારવાર મળી શકે તેમ હોય તો બાળકીને એર લિફ્ટ કરવાની પણ તૈયારી દર્શાવી છે. હાલ પીડિત બાળકી હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે અને તેની તબિયત સ્થિર હોવાનું ડોક્ટર જણાવી રહ્યા છે. જો કે હાલ આ અંગે વધુ ખુલાસા કરવાનું તેમણે ટાળ્યું હતું. પહેલા ભરૂચમાં બાળકી પર એક સર્જરી થઈ હતી. હાલત ખૂબ ગંભીર હતી. તેથી વડોદરા તેને ખસેડાઈ છે. સમગ્ર વિગત જોઈએ તો ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારમાં મજૂરીકામ કરી જીવનનિર્વાહ ચલાવતા પરિવારના ઘરમાં બાજુમાં રહેતો વિજય પાસવાન નામનો શખ્સ ઘૂસી ગયો. વિજય ઘરમાંથી ૧૦ વર્ષની બાળાનું અપહરણ કરી કોલોનીની દીવાલની પાછળ નિર્જન સ્થળે લઈ ગયો હતો અને તેની સાથે અત્યંત ક્રૂરતાપૂર્વક દુષ્કર્મ કર્યું. જે બાદ આરોપી વિજય બાળકીને તરછોડીને ફરાર થઈ ગયો હતો.













